# પ્રકરણ– ૪

# શ્રીમદ્ રાજચંદ્રના પત્રસાહિત્યમાંથી પ્રગટતું આધ્યાત્મ દર્શન અને જૈન સિધ્ધાંતો

શ્રીમદ્ રાજચંદ્રના પત્ર સાહિત્યમાંથી પ્રગટતા જૈન ધર્મના સિદ્ધાંતો અને સાધના સાથે જોડાયેલા આધ્યાત્મ દર્શનનું વિશ્લેષણ કરવાનું છે. શ્રીમદ્ રાજચંદ્રના પત્રો જૈન તત્ત્વદર્શન, જૈન સાધના પદ્ધતિ તથા મોક્ષપ્રાપ્તિ માટેની ક્રિયાઓ, એમાં આવતી અડચણો સંદર્ભે માર્ગદર્શનરૂપ વિગતોથી સભર છે.

શ્રીમદ્ રાજચંદ્ર પાસે મહાવીર કથિત આગમ પ્રાપ્ત તત્ત્વદર્શનના સિદ્ધાંતો છે. પોતાની સાધનાથી, અનુભવની, અનુભૂતિની વિગતો છે. વળી, સંસારી હોવાના કારણે શ્રાવક માનસ સંદર્ભેથી પણ પરિચિત છે.

શ્રીમદ્ રાજચંદ્રના પત્રો ગુજરાતી, જૈન તત્ત્વદર્શનમૂલક સાહિત્ય સંદર્ભે પણ ઘણાં મહત્ત્વના છે. તેમણે અનેક સાંપ્રત શ્રેષ્ઠીઓ, સાધુસંતો તથા આપણાં મહાત્મા ગાંધીજીનો સમાજસેવીઓ એમ વિવિધ કક્ષાએ વિવિધ પ્રકારે જે લોકો છે એને માર્ગદર્શન આપેલું છે એટલે સ્વાભાવિક છે કે તેમણે જેમને ઉદ્દેશીને પત્રો લખ્યા હોય તેમની કક્ષાને નજર સમક્ષ રાખીને એમાં પરિભાષાનો વિનિયોગ થયો હોય. તેમણે જુદી–જુદી ૪૦થી વધારે વ્યક્તિઓને આ સોળ વર્ષ દરમિયાન જુદાં–જુદાં સમયે જુદા–જુદા સ્થળેથી તત્ત્વવિચારણા સંબંધી પત્રો લખ્યા હતા.

શ્રીમદ્‌ના પત્રોમાંથી આપણને વીતરાગધર્મનો અનન્ય મહિમા અને નિશ્રય જેમના આત્માના પ્રદેશે પ્રદેશે વસ્યો હતો એવો પરમ ધર્મમૂર્તિ અનુભવનો રણકાર સંભળાય છે. જૈન સાધુ, સાધ્વીઓ પોતે જૈન ધર્મનું ક્રિયાકાંડ, તપ સાધનાનું ભાથું વિશેષ માત્રામાં હોય,

તેમના કરતાં અલગ અને આગવી વિગતો કોઈ સામાન્ય શ્રાવક માટે લખાયેલા પત્રોમાં સ્થાન પામી હોય તે સ્વાભાવિક હોય છે.

જૈન તત્ત્વજ્ઞાન તેમના જીવનમાં એટલું ઓતપ્રોત હતું કે એમના વચન અને વ્યવહાર જૈન તત્ત્વજ્ઞાન દર્પણ સમાન બની ગયાં છે તે જિનોક્ત પરમાર્થ માર્ગના ખરેખરા અનુયાયી અને પ્રરૂપક છે.

શ્રીમદ્ રાજચંદ્રના પત્રોમાં તર્કબદ્ધતાથી રજૂ કરેલા વિચારો પ્રતીતિ કરાવે છે કે તેમનું ચિંતન અત્યંત સ્પષ્ટ અને પરિપકવ હતું. અવનવી છટાવાળા રસાવદ્ર તથા ગદ્યમાં નિરૂપાયેલું તત્ત્વ આહ્લાદક છે. પત્રોનું ગદ્ય સરળ, સચોટ, પ્રાસાદિક, ભાવવાદી અને પ્રતીતિકર છે. તેમાં વિષયનું વૈવિધ્ય છે. શૈલી માર્મિક છે. પત્રોનું લખાણ પ્રવાહબદ્ધ અને ચિત્તને વિચાર કરતું કરે છે. પત્ર–લેખન સમયના લાંબા પટ પરથી સ્થાન પામેલું છે. આ પત્રોમાંથી એમની સાધક, સિદ્ધિ અને આત્મ સાક્ષાત્કાર સુધીના સોપાનોનો પણ પરિચય મળે છે. એટલે એ રીતે એમાં વૈવિધ્ય છે. આ ઉપરાંત તેમના પત્રો જીવનની ઉંમર સંદર્ભે પણ અવલોકવાથી એમની વિકાસ, ભૂમિકા, તત્ત્વદર્શનની સ્પષ્ટ સમજ, સિદ્ધાંતોનું ખરું અર્થઘટન અને સાધકે કેવા કેવા કષ્ટો સહન કરી, કેવી કેવી પ્રતિક્રિયાઓનો સામનો કરવાનો હોય છે તેનો ખ્યાલ પણ આવે છે.

શ્રીમદ્દે લખેલા પત્રોમાંથી તેમની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ જાણવા મળે છે. તેમના પત્રોમાં પરમ ઉદ્દીત આંતર જીવનનું સુરેખ ચિત્ર અંક્તિ થાય છે. આ પત્રો હકીકતે દિશા નિર્દેશનારા અને લક્ષ્ય પ્રાપ્તિ તરફ દોરી જનારા છે. એમાં એક છેડેથી સામા પક્ષની મુશ્કેલીઓ કે અવધોરો કે મથામણોની સામે કેવી રીતે પાર ઉતરી શકાય તેનું નિર્દેશન છે તો બીજે છેડેથી જૈન સિદ્ધાંતો, તપ, સાધના અને ક્રિયાકાંડ સંદર્ભે કેવી ઊંડાણથી વ્યાપક ભૂમિકાઓથી વિગતોથી સભર છે. એનો ખ્યાલ આવે છે. તેમના પત્રોમાં એમની અસંગતતા, આત્મભાવ, ઉદાસીનતા, ઉપાધિયોગ, નિવૃત્તિની ભાવના, પ્રારબ્ધકર્મ, માર્ગપ્રવર્તનની ભાવના આદિ વિશે ઉલ્લેખો મળે છે.

શ્રીમદ્‌ના પત્રો પરથી જાણી શકાય છે કે તેમણે જુદી–જુદી વ્યક્તિ પ્રત્યે પોતાના અંગતજીવન, વ્યાપાર–વ્યવહાર તથા આભ્યંતર દશા સંબંધી વ્યક્ત કરેલાં ઉદ્‌ગારોમાં તેમની આંતરિક સ્થિતિ કેવી અદ્‌ભુત હતી અને બાહ્યસ્થિતિ વ્યવહારમાં એમને કેવી રીતે રહેવું પડતું હતું તથા તેઓ આત્મશુદ્ધિ માટે કેવા ઉચ્ચકોટિનો પુરુષાર્થ કરતા હતા. તેનો સહેજ ખ્યાલ આવે છે. શ્રીમદ્‌ રાજચંદ્રનો અભ્યાસ, સાધના, અનુભવ, તેમનું માધુર્ય તથા લય પ્રગટે છે. અહીં ગદ્યમાં પણ તેમણે પોતાનું શબ્દચયનમાંથી પ્રગટતું આંસુ પણ ધ્યાન આવે છે.

જૈન ધર્મ સમજવો તથા સમજાવવો ઘણો કઠિન છે. આત્માને સાચી રીતે ઓળખનાર તથા ઓળખાવનાર તે જૈન ધર્મ છે. તેમાં ધ્યાનનો સૂક્ષ્મ બોધ છે. તેમના સિદ્ધાંતો ઘણા પવિત્ર છે અને તેનો મુખ્ય આશય પ્રત્યેક જીવનું કલ્યાણ કરવાનો છે. બૌધદર્શન આત્માને ક્ષણિક માને છે. નૈયાયિક આત્માને અનેક માને છે. અસંખ્ય આત્મા નિત્યપણે છે. જૈનના મતે આત્મા અનંત દ્રવ્ય, પરિણામી અને અસંખ્યાત પ્રદેશી છે. આ બધા દર્શનો આત્માનું નિરૂપણ કરતાં હોવા છતાં તેમાં ભેદ જોવા મળે છે. છ દર્શનો શ્રીમદ્‌ે જૈનધર્મને તેની વિચારણા, ન્યાય, સર્વજ્ઞતા, પવિત્રતા, દયા વગેરેને લીધે શ્રેષ્ઠ ગણાવ્યો છે. તેમણે પત્રાંકને ૭૧૧માં ષડ્‌દર્શનની મીમાંસા જણાવી છે.

“બૌધ, નૈયાયિક, સાંખ્ય દર્શન અને ઉત્તરમીમાંસા અને પૂર્વમીમાંસા પાંચ આસ્તિક દર્શનો એટલે બંધમોક્ષાદિ ભાવને સ્વીકારનારા દર્શનો છે. નૈયાયિક અભિપ્રાય જેવો જ વૈશેષિક અભિપ્રાય છે. ઉપરોક્ત પાંચ દર્શનો ઉપરાંત ચર્વાક સહિત છ દર્શનો શ્રીમદ્‌ે જણાવ્યા છે. સાંખ્યમાં યોગનો અભિપ્રાય છે. તેમાં થોડોક ભેદ છે તેથી તે દર્શનો જુદા ગણેલા નથી. પૂર્વ અને ઉત્તર એમ મીમાંસા દર્શનના બે ભેદ છે. તેમાં વિચારનો પણ તફાવત છે. છતાં મીમાંસામાંથી બંનેની ઓળખાણ થતી હોવાથી બંનેને તેમણે એક જ ગણાવ્યાં છે. પૂર્વમીમાંસા ‘જૈમિની’ અને ઉત્તરમીમાંસા ‘વેદાંત’ તરીકે પ્રસિદ્ધ છે. બૌદ્ધ અને જૈન સ્વતંત્ર દર્શનો છે.”[૧]

અહિંસા વિષયક એમનું દષ્ટિબિંદુ કેટલું સૂક્ષ્મ છે એ એમના જીવનમાંથી પ્રગટે છે. શાક સમારતા એમને થયેલી સંવેદના કેટલી તીવ્ર છે, એનો પરિચય એમના અનુભવ કથન દ્વારા મળી રહે છે. પોતે પાઠવેલા સંવદેનમય પત્રોમાં તેમણે પોતાનું હૃદય ઠાલવ્યું હોવાથી તેમની ઊર્ધ્વગામી આત્મદશાની ઝાંખી થાય છે. વળી, આ પત્રો તે તે વ્યક્તિઓને અંગત રીતે પ્રસિદ્ધિના હેતુ વિના લખાયેલા હોવાથી તેમાં પૂરેપૂરી નૈસર્ગિકતા જળવાઈ રહે છે.

‘‘આસ્તિક એવાં મૂળ પાંચ દર્શન આત્માનું નિરૂપણ કરે છે તેમાં ભેદ જોવા મળે છે તેનું સમાધાન.’’ [૨]

દરેક જગતને અનાદિ માને છે. બૌદ્ધિક જગતકર્તા ઈશ્વરને માનતા નથી. વેદાંતે ઈશ્વરને કલ્પિતપણે સ્વીકાર્યો છે. નૈયાયિકના મતે તટસ્થપણે ઈશ્વરકર્તા છે. યોગના મતે ઈશ્વર નિયંતાપણે છે. આમ, દરેક દર્શનનો જગત પ્રત્યેનો અભિપ્રાય શ્રીમદ્દે વિચાર્યો છે. જૈનના મતે આત્મા અનંત દ્રવ્ય, પરિણામી અને અસંખ્યાત પ્રદેશી છે. આ બધાં દર્શનો આત્મા વિશેનો અભિપ્રાય શ્રીમદ્દે પણ વિચાર્યો છે.

**‘‘क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णश्तरण नौका ।’’**

લખી પોતાનો આનંદ પ્રગટ કરે છે. અને આગળ લખે છે કે :

‘‘અંતઃકરણમાં નિરંતર એમ જ આવ્યા કરે છે કે પરમાર્થરૂપ થવું, અને અનેકને પરમાર્થ સાધ્ય કરવામાં સહાયક થવું એ જ કર્તવ્ય છે. તથાપિ કંઈ તેવો યોગ હજુ વિયોગમાં છે.

ભવિષ્યજ્ઞાનની જેમાં આવશ્યક છે, તે વાત પર હમણાં લક્ષ્ય રહ્યું નથી.’’[૩]

આમ, પ્રથમ પત્રમાં જ શ્રીમદ્દે સ્પષ્ટપણે પોતાના અંતરમાં પ્રકાશી રહેલ પરમાર્થના માર્ગે શ્રી સોભાગભાઈને દોરે છે. પોતાની આશ્ચર્યકારી પણ બાહ્ય અને લૌકિક શક્તિઓ પ્રત્યેથી પાછા વાળે છે. પોતાના જીવનનું એક માત્ર લક્ષ્ય ‘‘પરમાર્થરૂપ થવું’’ એ

શ્રીમદ્ પહેલાં પત્રમાં જ જણાવે છે. આ પત્રવ્યવહાર ઉત્તરોત્તર વધતો થયો. 'સમાનશીલ વ્યસનેષુ' ઉક્તિ પ્રમાણે બન્નેની જોડી જામી અને શ્રીમદ્ સુહૃદયને પોતાનું હૃદયદર્શન કરાવતા ગયા.

પત્રવ્યવહારથી શ્રી સોભાગભાઈની અંતરંગ દષ્ટિમાં પરિવર્તન જોઈ બીજા ભાદરવા સુદ –૨ના શ્રીમદ્ 'આત્મવિવેક સંપન્ન ભાઈ શ્રી સોભાગભાઈ' એવું સંબોધન કરી પત્ર બદલ સંતોષ પ્રદર્શિત કરે છે. સાંસારિક ઉપાધિ તરફથી સોભાગભાઈનું લક્ષ્ય વળી તેનો ઉપાય જણાવે છે.

ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે. જેનો દઢ વિશ્વાસ હોય છે તે દુઃખી હોતો નથી. અથવા દુઃખી હોય તો દુઃખ ઊલટું સુખરૂપ થઈ પડે છે.''

આમ, દુઃખને સમજવાની ચાવી આપી એ જ પત્રમાં પોતાનું અંતર ખોલે છે.

''રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે, નિંદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે, અધિક શું કહેવું ? હોઠ, માંસ અને એની મજ્જાને એક જ એ જ રંગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે, અને તેને લીધે નથી કંઈ જોવું ગમતું કે નથી કંઈ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે; તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કંઈ જ ઊગતું જણાતું નથી તે હો તોપણ ભલે અને ન હો તોપણ ભલે એ કંઈ દુઃખના કારણો નથી. દુઃખનું કારણ માત્ર વિષાત્મા છે અને તે જો રસ છે તો સર્વ સુખ જ છે. એ વૃત્તિને લીધે સમાધિ રહે છે. તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી. દેહભાવ દેખાડવો પાલવતો નથી. આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે ત્યારે હવે કેમ કરવું ? કયાં પર્વતની ગુફામાં જવું અને અલોપ થઈ જવું. એ જ રટાય છે. તથાપિ બહારથી અમુક સંસારી પ્રવૃત્તિ કરવી પડે છે. તે માટે શોક તો નથી. તથાપિ સહન

કરવા જીવ ઈચ્છતો નથી! પરમાનંદ ત્યાગી એને ઈચ્છે પણ કેમ ? અને એ જ કારણથી જ્યોતિષાદિક તરફ હાલ ચિત્ત નથી. ગમે તેવા ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઈચ્છા નથી. તેમ તેઓનો ઉપયોગ કરવામાં ઉદાસીનતા રહે છે. તેમાં પણ હાલ તો અધિક જ રહે છે. માટે એ જ્ઞાન સંબંધે ચિત્તની સ્વસ્થાતાએ વિચારી માગેલા પ્રશ્નો સંબંધી લખીશ! અથવા સમાગમે જણાવીશ.

જે પ્રાણીઓ એવા પ્રશ્નોનાં ઉત્તર પામવાથી આનંદ માને છે તેઓ મોહાધીન છે, અને તેઓ પરમાર્થના પાત્ર થવાં દુલર્ભ છે. એમ માન્યતા છે, તો તેવા પ્રસંગમાં આવવું પણ ગમતું નથી. પણ પરમાર્થના હેતુએ પ્રવૃત્તિ કરવી પડશે તો કંઈ પ્રસંગે કરીશ., ઈચ્છા તો નથી થતી.

આપનો સમાગમ અધિક કરીને ઈચ્છું છું. ઉપાધિમાં એ એક સારી વિશ્રાંતિ છે. કુશળતા છે. ઈચ્છું છું.''[૪]

વિ. રાયચંદના પ્રણામ .

અહીં આંતર સમાધિનો હેતુ જણાવી આપે છે. તથાપિ બહારની પ્રવૃત્તિ કરવી પડે છે. પણ પરમાનંદ ત્યાગી એને ઈચ્છે કોણ ? એવું દર્શાવી શ્રીમદ્ શ્રી સોભાગભાઈનો એ વિચારોનું બીજ રોપે છે કે પરમાનંદ આત્માના આનંદની પ્રાપ્તિ એ જ કર્તવ્ય છે. એ જ સર્વ સુખનું મૂળ છે. વળી, બાહ્ય કર્મને સમભાવે સહન કરવામાં દુઃખ કેવું ? આમ સોભાગભાઈના પુરુષાર્થને જાગૃત કરે છે........

ત્યાર પછીના ત્રીજા પત્રમાં વ્યાસ ભગવાનનો એક શ્લોક લખી મોકલે છે. પણ ભાદરવા વદ–૦૧નાં લખેલા ચોથા પત્રમાં અદ્ભુત વૈરાગ્ય વહે છે!

''ચૈતન્યને નિરંતર અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે, એ જ જોઈએ છે. બીજી કોઈ સ્પૃહા રહેતી નથી રહેતી હોય તોપણ રાખવા ઈચ્છતા નથી. એક 'તુંહિં તુહિં' એ જ યથાર્થ વહેતી પ્રવાહના જોઈએ છે. અધિક શું કહેવું ? જ્ઞાને માત્ર ગમ્ય છે. કાં તો શ્રેણી શ્રેણીએ

સમજાય તેવું છે. બાકી તો અવ્યક્તતા જ છે. માટે જે નિઃસ્પૃહ દશાનું જ રટણ છે, તો મળ્યે, આ કલ્પિત ભૂલી ગયે છુટકો છે...

કયારે આગમન થશે.''[૫]

આવી પોતાની અલૌકિક દશાનો ખ્યાલ, હૃદયનું દર્શન કોને કરાવી શકાય? સ્વ–આત્માનો એવો પ્રેમ લાગ્યો કે તેના સિવાય કશું ગમતું જ નથી. પોતાના હૃદયરૂપ એવા શ્રી સોભાગભાઈને પોતાના હૃદયનું દર્શન, પોતાની આત્મદશાની એક ઝલક દેખાડે છે.

વિ.સં.૧૯૪૬માં સોભાગભાઈ શ્રીમદ્ રાજચંદ્રના પરિચયમાં આવ્યા હતા તેઓ 'બીજજ્ઞાન'નો મંત્ર આપવા શ્રીમદ્ પાસે ગયા હતા. ત્યાં તેઓ શ્રીમદ્‌ની શક્તિથી એટલા બધા પ્રભાવિત થયા કે તેમણે શ્રીમદ્‌ને ત્રણ વંદન કર્યાં. તેઓ શ્રીમદ્‌થી ઉંમરમાં ઘણાં મોટા હતા. પરંતુ તેમની વચ્ચેનો સંબંધ એટલો જ અતૂટ હતો. અને આને કારણે જ આપણને તે બંનેની વચ્ચેનું વિપુલ માત્રામાં પત્ર સાહિત્ય મળે છે. શ્રીમદ્ રાજચંદ્ર સોભાગભાઈ પ્રત્યે એટલા બધા આકર્ષાયા હતા કે તેઓ 'પરમાર્થસખા', 'હૃદયના વિશ્રામરૂપ'થી બોલાવતા હતા. બંને સારા મિત્રો હતા. ઉપકારી તથા સાચા માર્ગદર્શક હતા.

૧૯૪૬ના આસો સુદ–૧૧ના દિવસે આત્માના પરમાનંદના નિમગ્ન શ્રીમદ્ પ્રભાતથી જ કોઈ અપૂર્વ આનંદના ઉલ્લાસમાં આવી ગયેલા તેવામાં શ્રી સોભાગભાઈનો પત્ર આવ્યો તે તેની સાથે કબીરજીનું એક પદ પણ આવ્યું તેના પ્રત્યુત્તરમાંઃ

''તે પદ વાંચી પરમાનંદ થયો... પ્રભાતમાં વહેલો ઊઠયો ત્યારથી એક અપૂર્વ આનંદ વર્ત્યા જ કરતો હતો. તેવામાં પદ મળ્યું.... એકાકાર વૃત્તિનું વર્ણન શબ્દ કેમ કરી શકાય? દિવસના બાર બજયા સુધી રહ્યું. અપૂર્વ આનંદ તો તેવો ને તેવો જ છે..... કેવળજ્ઞાન હવે પામશુ; પામશુ, પામશું રે કે, એવું એક પદ કર્યું. હૃદય બહું આનંદમાં છે.....''[૬]

અહીં પોતાની એક આત્માનુભૂતિ વર્ણવી છે. આ પાંચે પત્રો દોઢેક માસના સમયમાં લખાયા છે. એમાં શ્રી સોભાગભાઈને બાહ્ય સાંસારિક ચિંતાથી પાછાવાળી અંતરાત્મવૃત્તિ

જાગૃત કરે તેવા ભાવાર્થનું લખાણ તો છે જ, પણ સોભાગભાઈના પત્ર વ્યવહારે શ્રીમદ્ પોતે પણ પોતાની આત્મમસ્તીમાં વિશેષ વર્ધમાનતા અનુભવે છે. વળી બીજા જ પત્રથી શ્રી સોભાગભાઈનો સમાગમ ઈચ્છે છે. તે ત્યાં સુધી કે વિયોગ માટે ભગવાનને પણ ઉલાલંભ આપતાં લખે છે કે– ‘‘નિરંતર સાથે રહેવા દેવામાં ભગવાનને શું ખોટ જતી હશે? આમ, પ્રથમ એમના સંગની ઈચ્છા તીવ્રમાંથી તીવ્રતર બની જાય છે. તો – સોભાગભાઈના એમના વિયોગનું જે દુઃખ વેઠે છે તે અસહ્ય છે. તેઓ જણાવે છે કે તેમ ‘‘પતિવ્રતાની ભક્તિ’’ છે. આવી બંને વચ્ચેની ઝુરણાના અંશો બીજા પત્રોમાં જ પડેલા દેખાય છે. કોઈ અદશ્ય સંબંધના બંધને બંધાયેલા બન્ને પ્રથમ દર્શનથી જ એકબીજા પ્રત્યે આકર્ષાયા છે અને આ ખેંચાણ અંત સુધી એટલે કે સોભાગભાઈના મૃત્યુ સુધી એવું ને એવું બલ્કી અધિક થતું. બાકીના પત્રોમાં અનુભવાયા છે. સાથે જોવા મળે છે કે એક ગુરુ દ્વારા થતો શિષ્યોનો આંતર વિકાસ.

શ્રીમદ્ સાથેનો પ્રત્યક્ષ સમાગમ અને પત્ર–વ્યવહાર વધતાં સોભાગભાઈમાં સાચી સમજણ વર્ધમાન થાય છે અને અન્ય પ્રત્યક્ષ જ્ઞાનીપણાની માન્યતા દૂર થઈ શ્રીમદ્ શરણ સ્વીકારે છે.

એમના જૈનદર્શન વિશેના વ્યવહારમાં પ્રયોજાયેલ આચરણમાં અપનાવેલા વિચારો અને સિદ્ધાંતો વ્યવહારું બન્યાં સિવાય દઢ રીતે પોતે અપનાવ્યા છે અને અપનાવવા માટે એને પ્રેરે તેવા છે. પત્રોના બાહ્ય સ્વરૂપ વિશે આટલું જોયા પછી પત્રોનું વિષયવસ્તુ જોઈએ. આંતરના તત્ત્વજ્ઞાનની પીઠિકા જોઈએ.

સામાન્ય રીતે જોઈએ તો વિજ્ઞાનને અદ્યતન ચમત્કારી શક્તિનો અનુભવ કરાવ્યા છતાં તે ‘જીવ’ નામના પદાર્થમાં વિશુદ્ધ જ્ઞાનને જાણવા સફળ થઈ શક્યું નથી. જીવ અને જડ એ બંનેની સંપૂર્ણપણે ભિન્ન હોવા છતાં અનાદિના સંયોગ સંબંધે બંને પદાર્થો એવા એકરૂપ ભાસે છે કે એ બંને અલગ છે એવો ખ્યાલ પણ રહ્યો નથી. તેથી જગતના જીવો એ બંને એકરૂપ માની એમાં જ પ્રયત્નશીલ રહી સુખશાંતિ પામવા મથી રહે છે.

કોઈ મહાપુરુષો કોઈ અપૂર્વ જાણકારી એ પોતાના અંતરના અનુભવો પ્રયત્નશીલ પ્રયોગ જડ અને જીવ એક નથી એ જાણી શકે છે. અને અમુક પ્રક્રિયાથી એ બંનેને જુદા પાડી શકાય છે એ બંને સંપૂર્ણ જુદા થયા પછી પુનઃ એકરૂપ થતાં નથી. એવી એ બંને પદોર્થોની ગુણ વિશે સ્પષ્ટતાની એમને અનુભૂતિ થાય છે. એ મહાન પ્રયોગવીરોએ અનંત ગુણોની જાણકારી મેળવી એટલું જ નહિ પણ પોતાને એ આત્મ દ્રવ્યરૂપે પિછાણી અનુભવી તે રૂપ થયા અને સંપૂર્ણપણે જડ પદાર્થોથી ભિન્ન થયા.

જેને પામવા માટે અસંખ્ય શાસ્ત્રો અને ધર્મ રચાયા છે તે આત્મા જલ્દી ન પામી શકાય એવું તત્ત્વ છે જગતમાં ફેલાયેલા બે મુખ્ય તત્ત્વો આત્મા–જીવ અને જડ–પુદ્‌ગલ છે. આ આત્મા કોણ છે? કેવો છે? કયાંથી થયો તેનું સ્વરૂપ શું ? તે વગેરે જાણવા માટે અનેક જ્ઞાનીઓએ પ્રબળ પુરુષાર્થ કર્યા છે અને પોતાને આત્મા સમજયા પછી તે જગતના જીવોને જણાવવા તથા તેઓનું કલ્યાણ કરવા અસંખ્ય શાસ્ત્રો રચ્યાં છે. છતાં સર્વ આત્માને પામી શકાય નથી એ જ મહાખેદની વાત છે.

અનાદિકાળથી તે કર્મમાં બંધાયેલો છે તેથી તેમાં અનંત વીર્ય, સુખ, રાગદ્વેષ રહિતપણું વગેરે ગુણો જોવા મળ્યા છે. વળી તે અરૂપી હોવાથી જોઈ શકાતો નથી. એટલે તેને જ્ઞાનીઓ, મહાપુરુષો, 'નેતિ નેતિ'થી ઓળખાવે છે. આ નહીં, આ નહીં એમ બધી વસ્તુનો બાદ કરતાં જે અવ્યાબાધ સ્વરૂપ રહે તે આત્મા છે.

ચેતનના એ ગુણોની એના પરિણામથી નીપજતી શાશ્વત સુખની અને શુદ્ધજ્ઞાનની પરિણતિનું વેદન કર્યું એ અનુભવયુક્ત જ્ઞાને એ દ્રવ્યોના ગુણોનું પ્રરૂપણ કર્યું અને જગતના જીવોને શાસ્વત સુખ પામવા, જેમાં દુઃખનો અંશ પણ નથી એ પામવા અનુરોધ કર્યો.

એટલે કે સદ્‌ગુરુ જેનો આત્મા જડથી જુદો પાડવાની પ્રક્રિયામાં રત રહી વિશુદ્ધ આત્મરૂપ થયો છે અને મુમુક્ષુ જેનો આત્મા સદ્‌ગુરુ યોગે સંસરિત થતાં જડ અને જીવનને જુદો પાડવાં ઈચ્છા ધરાવે છે એવો એ સદ્‌ગુરુ અને મુમુક્ષુ આત્મા એ બંનેના યોગનો પ્રયોગ

અને એ પ્રયોગના પરિણામે શ્રી સદ્ગુરુના આત્માની વિશુદ્ધ અને મુમુક્ષુને શુદ્ધ આત્મદર્શન થઈ આત્મશુદ્ધિ જ પ્રાપ્તિ થાય જ છે.

"હું ધારું છું કે કેવળજ્ઞાન સુધીની મહેનત કરી આલેખે તો નહીં જાય મોક્ષની આપણને કંઈ જરૂર નથી. નિઃશંકપણાની નિર્ભયપણાની, નિર્મુઝનપણાની અને નિઃસ્પૃહાપણાની જરૂર હતી. તે ઘણે અંશે પ્રાપ્ત થઈ જણાઈ છે; અને પૂર્ણ અંશે પ્રાપ્ત કરવાની કરુણાસાગર ગુપ્ત રહેલાની કૃપા થશે એમ આશા રહે છે છતાં વળી એથીયે અલૌકિક દશાની ઈચ્છા છે, ત્યાં વિશેષ શું કહેવું?"[૭]

અને આ આનંદમાં આગળ લખે છે કે "જગતને જગતની લીલાને બેઠા બેઠા મફતમાં જોઈએ છીએ." આ જગત એમને તો સોનાનું થાય તો પણ તફાવત લાગે છે. માત્ર "અલખ બે"માં સમાઈ જવું એમ રહે છે. આમ દિવસે દિવસે જગત પ્રત્યે પરમ ઉદાસીન ભાવ વર્તે છે. તો સાથે દઢતા પણ છે કે "દીનબંધુની દષ્ટિ જ એવી છે કે છૂટવાના કામીને બાંધવો નહીં, બાંધવાના કામીને છોડવો નહીં. અહીં વિકલ્પી જીવને એવો વિકલ્પ ઊઠે કે જીવને બંધાવું છે કાં? એ વિકલ્પની નિવૃત્તિ એટલી જ છે કે, એવો અનુભવ થયો છે કે, જેને છુટવાની દઢ ઈચ્છા થાય છે, તેને બંધનનો વિકલ્પ મટે છે. એને એ આ વાર્તાનો સત્સાક્ષી છે."[૮]

ધીમે ધીમે શ્રીમદ્‌ને નિરંતર અદ્‌ભૂત દશા રહ્યા કરે છે અને આ બધું થવા તત્પર છે. આ આધ્યાત્મિક અનુભૂતિની ખુમારીના દર્શન કરાવતા તેમને પણ એ અનુભૂતિ માટે પ્રેરે છે, દોરે છે, મિત્ર ખરાને ? એમને લખે છે–

"રોમ રોમ ખુમારી ચઢશે, અમરવરમય જ આત્મદષ્ટિ થઈ જશે, એક 'તુહિં તુહિં' મનન કરવાનો પણ અવકાશ નહીં રહે ત્યારે આપને અમરવરમય આનંદનો અનુભવ થશે."[૯]

શ્રીમદ્‌ને હવે રામ હૃદયે વસ્યા છે અને અનાદિના ખસ્યા છે. આ દિવસોમાં એમની દશા બાહ્ય રીતે સાવ અન્યમનસ્ક જેવી થઈ જાય છે. મિત્રોના પત્રોના જવાબ લખતા નથી.

“સૂત્રને અડતોપ નથી, વહેવાર સાચવવાં થોડાંક પુસ્તકોના પાનાં ફેરવું છું. બાકી બધુંય પથ્થર પર પાણીના ચિત્ર જેવું કરી મૂક્યું છે. તન્મય આત્મયોગમાં પ્રવેશે છે. ત્યાં જા ઉલ્લાસ છે ત્યાં જ યાચના છે અને યોગ (મન, વચન અને કાયા) બહાર પૂર્વકર્મ ભોગવે છે. વેદોદયનો નાશ થતાં સુધી ગૃહવાસમાં રહેવું યોગ્ય લાગે છે. પરમેશ્વર ચાહીને વેદોદય રાખે છે.”[૧૦]

આ સાંસારિક પ્રવૃત્તિ અને ગૃહસ્થાશ્રમને કારણે તેમના મનમાં તૃમુલ મંથન ચાલતું હતું. તેઓ માનતા કે “કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. એકાંતથી જેટલો સંસાર ક્ષય થાય છે. તેનો સોમો હિસ્સો પણ કાજળગૃહમાં રહેવાથી ક્ષય થવાનો નથી. શ્રીમદ્ ગૃહસ્થાશ્રમ વિશે આવા અભિપ્રાય દર્શાવે કારણ કે સમયે તેઓ તીવ્ર આત્મમંથનમાંથી પસાર થતાં હતા. ત્યાગ, વૈરાગ્ય, નિર્લેપતા અને તત્ત્વજિજ્ઞાસા તેમનામાં પ્રબળપણે જાગૃત થતાં જતા હતા. ગૃહસ્થાશ્રમથી વિરક્ત થવાનું મન છે. પણ પૂર્વોપાર્જિત પ્રવર્તે ત્યાં સુધી ગૃહસ્થાશ્રમ છોડાય કઈ રીતે ? શી દશાથી શાંતિ ન્યાય ? આવી વિરોધી લાગણી વચ્ચેના સંઘર્ષમાં એમને લાગે છે કે જગતમાં દુખિયા મનુષ્યોનું પ્રદર્શન ભરાય તો તેઓ શિરો ભાગમાં આવે.

પણ 'દુખિયા મનુષ્યો' એટલે સંસાર સંબંધે દુઃખ નહીં પણ કંઈક ઓર જ. ધન, સ્ત્રી કે પુત્ર–પુત્રાદિનું દુઃખ નહીં, એ કરતાં કંઈક વિશેષ કંઈક ખોજ, અભાવ, કંઈક પ્રાપ્તિની મથામણમાંતથી એકવાર તો એવું લાગ્યું કે પૂર્વજન્મ પણ નથી. પાપેથી, પુણ્યેથી સુખે રહેવું અને સંસાર ભોગવવો.... પણ થોડો વખત ગયા પછી કંઈક ઓર જ થયું! અચાનક ફેરફાર થયો, કોઈક નવીન અનુભવ થયો. જે અનુભવ પ્રાપ્યે શાસ્ત્રમાં લેખિત ન હોય, જડવાદીની કલ્પનામાં પણ નહોતો તેવો થયો. તે ક્રમે કરી વધ્યોને એક ‘તુહિં તુહિં’નો જાપ કરવા લાગ્યો.

આત્મમંથનની પરાકાષ્ટાએ પહોંચી થોડો સમયમાં જ તેઓ એ ઘોર સંગ્રામમાંથી વિજયી અને વધુ તેજસ્વી થઈને બહાર નીકળે છે. ૨૩માં વર્ષમાં તોરણ સંગ્રામની ધૂળને બદલે એક શાંત સમાહિત અને આત્મલક્ષી પુરુષનું એમનામાં દર્શન થાય છે. એમની આંતરદશા એક વિશિષ્ટ પ્રકારની તીવ્રતા પકડતી જાય છે.

આ વર્ષમાં તેમની સમાધિ દશા વધતી જાય છે. આટલી તડપ, તૃષા એમને અતૃપ્ત કેમ રાખે ? અને એટલે જ આ મંથન પછી એમની નવીનત હાથ લાગ્યું. સોભાગભાઈને લખ્યું –

"આત્મજ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે. ગ્રંથભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે."[૧૧]

આવા અલૌકિક અનુભવ થયાના સમાચાર સાંભળી અને તે જાહેરમાં આવવા–માર્ગ પ્રકાશવા વિનંતી – આગ્રહ કરે છે. એના જવાબમાં શ્રીમદ્‌ની પ્રજ્ઞા જુઓ –

"હવે છેવટે નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે. અને એવી દશા થયા વિના પ્રગટ માર્ગ પ્રકાશવાની પરમાત્માની અજ્ઞાનથી... એ ને એ દશાને હવે કંઈ ઝાઝો વખત પણ નથી પંદર અંશે તો પહોંચી જવાયું છે. નિર્વિકલ્પતા તો છે જ પરંતુ નિવૃત્તિ નથી,.... નિવૃત્તિ હોય તો બીજાના પરમાર્થ માટે શું કરવું તે વિચારી શકાય. ત્યારપછી ત્યાગ જોઈએ."[૧૨]

આમ, છેવટના એક અંશને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહે છે. પણ આ દુઃષમ કાળમાં પરમાર્થની વર્ષાઋતુ નહીં થાય એવો એમને સંદેશો રહે છે. જો કે તેમને વધુ ૧૬ અંશ પ્રાપ્ત કરી તીર્થંકર થવાની નહીં પણ તીર્થંકર કર્યા પ્રમાણે કરવાની ઈચ્છા છે. અને એટલે સોભાગભાઈ જે વૃદ્ધ છે તેમને જણાવે છે કે તમારે વૃદ્ધમાંથી યુવાન થવું (ઉત્સાહમાં) અને આ અલખ વાર્તાના અગ્રેસર આગળ અગ્રેસર થવું. પોતાના જીવનની અનુપમ ક્ષણોની અનુભૂતિ વર્ણવ્યા પછી એ જ ઉલ્લાસમાં આગળ જણાવે છે :

"હવે અમે અમારી દશા કોઈપણ પ્રકારે કહી શકવાની નથી, તો લખી કયાંથી શકીશું? આપના દર્શન થયે જે કંઈ વાણી કહી શકાશે તે કહેશે બાકી નિરૂપાયતા છે. (કંઈ) મુક્તિએ નથી, જોઈતી અને જૈનનું કેવળજ્ઞાનેય જે પુરુષને નથી જોઈતું તે પુરુષને પરમેશ્વર હવે કયું પદ આપશે?" [૧૩]

અહીં દેખાય છે કે શ્રીમદ્ તદ્દન વાંછારહિત થઈ ગયા છે. મોક્ષથી પણ ઈચ્છારહિત પોતાને રોમ–રોમ અનુભવાતી. મસ્તી પાસે ઈચ્છા–અપેક્ષાનું શું સ્થાન ? અહીં નરસિંહના પદનું સ્મરણ થાય છે. "હરિના જન તો મુક્તિ ન માગે." નરસિંહે પણ અનુભૂતિ પછી લખ્યું હશેને ? આવી આશ્ચર્યકારક સ્થિતિનું દર્શન બીજા કોને કરાવે ? આગળ લખે છે કે –

"આજના પ્રભાતથી નિરંજન દેવની કોઈ અદ્‌ભુત અનુગ્રહતા પ્રકાશી છે. આજે ઘણાં દિવસ થવા ઈચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમરૂપમાં ઉદય પામી છે. ગોપીઓ ભગવાન વાસુદેવ (કૃષ્ણચંદ્ર) ને મહીની મટુકીમાં નાખી વેચવા નીકળી હતી. એવી એક શ્રીમદ્ ભાગવતમાં કથા છે, તે પ્રસંગે આજે બહુ સ્મરણમાં રહ્યો છે. અમૃત પ્રવહે છે ત્યાં સહસ્ત્રદળ કમળ છે. એ મહીની મટુકી છે. અને આદિપુરુષ તેમાં બિરાજમાન છે તે નિગવંત વાસુદેવ છે. તેની પ્રાપ્તિ સત્પુરુષની ચિત્તવૃત્તિરૂપ ગોપીને થાય તે ઉલ્લાસમાં આવી જઈ બીજા કોઈ મુમુક્ષુ આત્મા પ્રત્યે 'કોઈ માધવ લ્યો, હાંરે કોઈ માધવ લ્યો' એમ કહે છે."[૧૪]

પરાભક્તિના ઉદય સાથે ભાગવત કથાનું રહસ્ય સમજાયું અને એટલે એમણે સૌભાગ્યભાઈને જણાયું કે આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ નીકળે છે. અહીં જોઈ શકાય છે કે શ્રીમદ્‌નો ધીરોદત્ત જીવન પ્રવાહ સંપૂર્ણ વિશુદ્ધ આત્મસ્થિતિ તરફ અવિરતપણે વહેવા માંડ્યો છે. અને એકવીસમાં વર્ષમાં તેમની પરમાનંદ મસ્તી વધતી જાય છે. જેના દર્શન તેમના પત્રોમાં થાય છે. આ મસ્તીમાં તેઓ અગમ ઘરમાં ડેરા ડાલે છે અને અલખના નામની ધુણી ધખાવે છે. એક પત્ર તેમની આ દશાનું દર્પણ હોવાથી અહીં ઉતારું છું.

"એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના એમને કંઈ ગમતું નથી. એમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી. કંઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા થતી નથી. વ્યવહાર કેમ ચાલે છે, એનું ભાન નથી જગત શું સ્થિતિમાં છે એની સ્મૃતિ રહેતી નથી. કોઈ શત્રુ–મિત્રમાં ભેદભાવ રહ્યો નથી. કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે એની ખબર રખાતી નથી. અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ. અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય એવું નથી. અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ.... આમ સર્વે પ્રકારે વિચિત્ર એવી ઉદાસીનતા આવવાથી ગમે તેમ વર્તાય છે. એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે. આદિપુરુષને વિશે અખંડ પ્રેમ સિવાય બીજા મોક્ષાદિક પદોર્થોમાંની આકાંક્ષાનો ભંગ થઈ ગયો છે...."

સિદ્ધાંત જ્ઞાત અમારા હૃદયને વિશે અવરિતરૂપ પડ્યું છે. હરિ ઈચ્છા જો પ્રગટ થવા દેવાની હશે તો થશે. અમારો દેશ હરિ છે, જાત હરિ છે, કાળ હરિ છે, હરિ છે, રૂપ હરિ છે, નામ હરિ છે, દિશા હરિ છે, સર્વ હરિ છે અને તેમ છતાં આમ વહીવટમાં છીએ. એ એની ઈચ્છાનું કારણ છે."[૧૫]

આ પત્રમાં તેમની દશા મીરાંની વિરહાગ્નિથી ભિન્ન નથી સંપૂર્ણ શરણાગતિ, હરિ ચરણમાં સમર્પણ જગતથી, જગતના વ્યવહારથી વિરક્તિ અને એકલયે આરાધ્યની આરાધના આ પત્રમાં દર્શાવેલી એમની વેદના કહી શકાય તેમ નથી. કહ્યું છે કે જેને લાગી છે તેને જ લાગી છે અને તેણે જ જાણી છે! તે જ પિયુ પિયુ, પોકારે છે એ બ્રાહ્મી વેદના કરી કેમ જાય ? જ્યાં વાણીનો પ્રવેશ નથી.

પણ, અતિશય વિરહાગ્નિ હરિ પ્રત્યેની પ્રકટ્યા પછી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે એ વચનાનુસાર શ્રીમદ્ સંબંધમાં પણ બને છે. તેમની આ પીડા, વેદના આગળ વધતા એવી સ્થિતિમાં પરિવર્તિત થાય છે જેની માટે તેઓ તીવ્ર પણ ઝંખતા હતા. અને એ ગાઢ સ્વરૂપ સ્થિતિની દશામાં એમને હરિ તરફથી એવો અનુગ્રહ પ્રાપ્ત થયો કે એમનાથી લખી જવાયું.

"જે રસ જગતનું જીવન છે તે રસનો અનુભવ થવા પછી હરિ પ્રત્યે અતિશય લપ થઈ છે અને તેનું પરિણામ એમ આવશે કે જ્યાં જેવે રૂપે ઈચ્છીએ તેવે રૂપે હરિ.... આવશે."[૧૬]

આવા અટલ વિશ્વાસને જગાવતી હરિવશ અનુભૂતિ થયા પછી તેઓ પોતાના પત્રોમાં પોતાના માટે યથાર્થ, બોધ સ્વરૂપ સમસ્થિતિભાવ, સહજસ્વરૂપ અચિત્ય દશાસ્વરૂપ વગેરે ઉપનામો વાપરે છે. જે ઉચિત જ છે એટલું જ નહીં એક સ્થળે તો આત્માનંદમાં મસ્ત શ્રીમદ્ પોતે પોતાને જ પ્રણામ કરે છે.' આ વિષયપણે જ્યાં, આત્મધ્યા વર્તે છે એવા જે રાયચંદ તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર.

આમ આવી પરમ સ્થિતિ "જે દિવસે જાગી શાંતિ અપૂર્વ રે" એવા ૧૯૪૭માં શ્રીમદ્ આત્મદર્શન પામ્યા અને પછી શાંત સ્થિત થઈ તેઓ પોતાના ઉત્તમ પદમાં ગાયેલા નિગ્રંથપદને પામવા તરફ વળે છે."

જીવનની સિદ્ધિરૂપ એવા આત્મસાક્ષાત્કાર સુધીની પૂરી યાત્રાના સાક્ષી સોભાગભાઈ રહ્યા. તેમના પત્રોમાં આ આગમયાત્રાનો કડીબદ્ધ ઈતિહાસ છે. આવા અનુભવો જે જીવ અન્યને કહેતા નથી તે શ્રીમદે સોભાગભાઈને જરાય છુપાવ્યા વિના જણાવ્યા છે એ જ એ બંન્નેના હૃદયના મળેલી સૂરની ગવાહી છે.

અહીં પત્રોમાં શ્રીમદ્ આત્માનુભીતના અનુસંધાનમાં કેટલુંક જૈનદર્શન પ્રગટ્યું છે. જેમાં સંસાર, જીવ, સત્પુરુષ, પરાભક્તિ, કર્મ, પરિષદ આદિ અસંખ્ય વિષયો છે.

પણ એ જૈનદર્શન સિવાયનો એક સૂર જે શ્રીમદ્‌ના પત્રે પત્રમાંથી ઊઠતો અનુભવાય છે. તે છે સોભાગભાઈનો સત્સંગ, પ્રથમ સોભાગભાઈને મળવાની ઈચ્છા ધીમે ધીમે આતુરતા, રટણા તથા ઝૂરણામાં ફેરવાઈ જતી જોવા મળે છે. પ્રથમ તેમના તત્ત્વદર્શન સંબંધી થોડા ઉદા. જોઈએ.

ભક્તિ સંબંધમાં લખે છે.

"ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારે દઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે."[૧૭]

જો કે ભક્તિ સંબંધમાં ઘણી જગ્યાએ ઘણું લખેલું છે પણ અહીં તો એક જ ઉદાહરણ આપ્યું છે. ભક્તિના દાતા એવા સત્પુરુષ અથવા સદ્ગુરુ વિષે જોઈએ. પત્રાંક–૨૧૩ કંઈક લંબાણથી લખાયેલો. આખો પત્ર સત્પુરુષનો અદ્ભુત મહિમા પ્રગટ કરે છે.

(મનુષ્ય) "સમયે–સમયે અતુલ ખેદ, જવરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખ ને તે અનુભવે છે. એવી અશરણતા વાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે. સત્પુરુષની વાણી વિષે કોઈએ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચિય છે." (આગળ જણાવે છે કે કોઈને પુણ્યના કારણે શાતા ઉપજે પણ તે પુણ્યનું મૂળ કારણ સત્પુરુષ છે.) " એક અંશ શાતાથી કરીને પુર્ણ કામના સુધી સર્વ સમાધિ તેનું પુરુષ જ કારણ છે... હે પુરાણા પુરુષ ? અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય તેમ સમજતા નથી, તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે. કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શકયા નહીં. એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે. કારણ કે તું વંશ છતાં પણ તેઓ ઉન્મત નથી અને તારાથી પણ સરળ છે. માટે હવે તું કહે તેમ કરીએ?...."[૧૮]

અહીં ગોવિંદ કરતા પણ ગુરુની ઊંચી પદવી સકારણ જ દર્શાવી છે. આગળ પણ રેવાની પુરુષ વિષે સત્પુરુષ વિષે કેટલાએ ઉલ્લેખો કરેલો છે. રેવાનીનો મહિમ અનેકવિધ રીતે દર્શાવ્યો છે.

આ ઉપરાંત યોગી, જીવ, અજીવ એવા તો કેટલાંક તત્ત્વોની એમણે ઓળખ કરાવી છે. અહીં તો માત્ર એકાદ બે ઉદાહરણ જ લીધા છે. આ સિવાય આનંદઘન જીના પદો–ભક્તિ વિષયક કે તત્ત્વ વિષયક એનો ઉલ્લેખ, કયારેક સમજૂતી કે કયારે સમર્થનમાં સોભાગભાઈને લખ્યાં છે.

અહીં સુધી આપણે પત્ર દ્વારા શ્રીમદ્‌નું મનોજીત અંતર જોયું, નિગ્રંથ પદને પામવાનો પુરુષાર્થ પોતે શરૂ કર્યો એ સાથે એમણે જેને પોતાના અંતરંગ માનેલા તે શ્રી સોભાગભાઈને પણ આ અલૌકિક પદ તરફ આકર્ષવા શરૂ કરેલા.

સોભાગભાઈ ભારે આર્થિક ભીંસ ભોગવે એટલે એક જ્ઞાની તરફ તેમને પ્રથમ સકામ ભક્તિ ઉપજી, આ બાબતના ઈશારા તેમના પત્રમાં જોવામાં આવે છે. પરંતુ શ્રીમદ્ સાચા ગુરુ તરીકે શિષ્યના આ વિચારને મૂળમાંથી જ ઉચ્છેદયા છે. કયારેક સમજાવટથી કયારેક દિલાસો આપીને, તો કયારેક કડક શબ્દો પણ પત્રમાં લખ્યાં છે અને એ દ્વારા તેમણે સોભાગભાઈમાં નિષ્કામ પ્રેમભક્તિ જાગૃત કરી. એકાદ બે ઉદાહરણો જોઈએ :

"જ્ઞાનીને જ્ઞાનની પ્રાપ્તિને લીધે ઉપાર્જિત પારધ લેવું પડે, નહીં કે દુઃખ હોય નહીં. એક સિદ્ધાંત હોઈ શકે... તમારા તરફથી કોઈ વ્યાવહારિક પ્રસંગ લખાઈ આવ્યો હોય ત્યારે ઠપકો આપી જણાવ્યું. પણ હતું કે મારા પ્રત્યે તમે આવો વ્યવસાય જણાવવાનું જેમ ન થાય તેમ જરૂર કરી... પ્રાણ જવા જેવી વિષમ અવસ્થાએ પણ તેમને નિષ્કામતા રાખવી ઘટે છે. એવો અમારે વિચાર તે તમારા આજીવિકાથી ગમે તેવા દુઃખની અનુકંપા પ્રત્યે જતા પણ મટતો નથી." [૧૯]

આમ, સમજાવટ પછી એમને આશ્વાસન પણ આપે છે.

"તમારું ચીંધેલું કામ આત્મભાવ ત્યાગ કર્યા વિના ગમે તે કરવાનું હોય તો કરવામાં એમને વિષમતા નથી.... આગળ શું થાય છે તે ધીરજથી, સાક્ષીવત્ જોવું શ્રેયરૂપ છે. તેમ હાલ બીજો કોઈ ભય રાખવો ઘટતો નથી. અને આવી જ સ્થિતિ બહુકાળ રહેવાની છે. એમ છે જ નહીં."[૨૦]

વળી, ઉપાધિના પ્રસંગમાં હિંમત બંધાવતા લખે છે કે–

"મુમુક્ષુ જીવને આ કાળને વિશે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો

વખત પ્રતિકૂળ પ્રસંગ વિશેષ હોય છે. એ વાત નિશ્ચિય કરવા યોગ્ય છે.... આવો એક તમને સાધારણ પ્રતિકૂળ પ્રસંગ બન્યો છે તેમ મૂઝાવું ઘટતું નથી. એ પ્રસંગ જો સમતાએ વેઠવામાં આવે તો જીવને નિર્વાણ સમીપનું સાધન છે.... વિચારવાને શોક ઘટે નહીં, એમ શ્રી તીર્થંકર કહેતા હતા.'' [૨૧]

આગળ આ જ વાતને બીજી રીતે કહે છે.

''જે કંઈ પણ થાય છે તે થવા દેવું. ન ઉદાસીન ન અનુદ્યમી થવું, ન પરમાત્મા પ્રત્યે પણ ઈચ્છા કરવી અને ન મુઝાવું... અધિક ઝાંવાં નાખવા પ્રયત્ન કરવું નહીં, અલ્પ પણ ભય રાખવો નહીં, ઉપાધિ માટે ભવિષ્યની એક પળની ચિંતા કરવી નહીં, કાર્યનો જ અભ્યાસ થઈ ગયો છે. તે વિસ્મરણ કર્યા રહેવું, તો જ ઈશ્વર પ્રસન્ન થશે. અને તો જ પરમ ભક્તિ પામ્યાનું ફળ છે તો જ અમારો તમારો સંયોગ થયો યોગ્ય છે.''

જેમ સુવર્ણની અગ્નિમાં તપાવી કસોટી કરી શુદ્ધ કરે તેમ શ્રીમદ્ સોભાગભાઈનાં સત્ત્વને પણ ધીમે ધીમે નિર્મળ કરે છે.

''તમે એમ કંઈ દુઃખી નથી. જે દુઃખ છે તે રામના ચૌદ વર્ષના દુઃખનો એક દિવસ પણ નથી. પાંડવના તેર વર્ષનાં દુઃખની એક ઘડી નથી, અને ગજસુકુમારના ધ્યાનની એક પળ નથી. તો પછી એમને એ અત્યંત કારણ કયારેય જણાતું સંભવતું નથી.'' [૨૨]

આમ, ક્રમશઃ સોભાગભાઈને કર્મને સમતાભાવે વેદના જણાવી ઉપાધિ પરથી આત્મા તરફ લક્ષ વાળે છે અને પછી તો સોભાગભાઈ પણ પોતાના પાત્રતા તૈયાર થયે ખુમારીપૂર્વક લખે છે કે–

''માગી ખાઈએ ગુજરાન ચલાવીશું પણ ખેદ નહીં પામીએ. જ્ઞાનનાં અનંત આનંદ આગળ તે દુઃખ તૃણ માત્ર છે.''[૨૩]

આ રીતે સોભાગભાઈમાં પરાભક્તિના બીજ રોપી બાહ્ય ઉપાધિની ચિંતાથી આત્માને પાછો વાળવા પ્રેરે છે. અને પરમાનંદ, આત્માનંદની જ પ્રાપ્તિ કર્તવ્ય છે, એ વિશ્વાસ કાયમ કરે છે. પ્રાપ્ત કર્મોદય સમભાવે સહન કરવાથી દુઃખ નથી એમ સમજાવી સોભાગભાઈના પુરુષાર્થને જાગૃત કર્યો.

શ્રીમદ્‌નો સમાગમ અને પત્રવ્યવહાર જેમ જેમ વધતો ગયો તેમ તેમ શ્રી સોભાગભાઈમાં સમજણ વધતા શ્રીમદ્ પ્રત્યેની પૂજ્ય બુદ્ધિ વર્ધમાન થતી ગઈ. શ્રીમદ્ પ્રત્યે 'પતિવ્રતા' સમાન ભક્તિ પેદા થઈ. ધીમે ધીમે તેમને ગુરુનો વિયોગ સાલવા લાગ્યો. તેમણે લખ્યું.

''બાકીની ઉંમર હવે આપના સમામમાં નીકળે તો અનંત ફાયદો થાય. કારણ આવો જોગ અનંત કાળ વીત્યે બનવો કઠણ છે તે સહજમાં જોગ બનતા છતાં વિયોગ રહે એટલે ખેદ છે.''[૨૪]

ધનપ્રાપ્તિના ઉપાય પૂછનાર સોભાગભાઈ આ જ પત્રમાં આગળ લખે છે :

''અમારા મનમાં કોઈ રિદ્ધિ સિદ્ધિ એ જ્ઞાન હોય નહીં, અમે તો તમારા સમાગમમાં રહેવું અને જ્ઞાન ચેતનામાં રમવું એમ ઈચ્છીએ છીએ.

જો આમને આમ વિજોગમાં આખુંય પૂર થશે તો પછી મહેનત રહેશે. અને હરકત તો નથી. સાચનો સમાગમ થયો છે માટે....'' [૨૫]

અંતમાં ઉત્તરોત્તર વધતા વિયોગનાં દુઃખને વાચા આપતા લખે છે.

''આટલા દિવસ તો વિયોગનું દુઃખ ઘણું લાગતું નહીં, તો સહન થયું. પણ હવે એટલું બધું વિયોગનું દુઃખ વેદાય છે કે લખ્યું હોતું નથી અને હવે કયારે વિયોગ માટે કલ્પી શકાતું નથી.''[૨૬]

આ દિવસોમાં સોભાગભાઈ માંદા પડે છે પણ શ્રીમદ્દે મોકલાવેલ ' આત્મસિદ્ધિશાસ્ત્ર' વાંચી આનંદ આવતા પોતે જીવે છે. અન્યથા દેહ ટકવા મુશ્કેલ હતો, એવો પ્રમોદ વ્યક્ત કરે છે. માંદગીમાં તેમને શ્રીમદ્ તરફથી સમ્યક્‌જ્ઞાન અનુષંગે ત્રણ પત્રો મળે છે. જેમાં આત્માનું અસંગપણું, દ્રવ્યનું સ્વરૂપ દર્શાવતા બે એક પદો અને દેહનું ક્ષણભંગૂરપણું દર્શાવ્યું છે. આવી ક્ષણિકતામાં જ સમદશા પ્રાપ્ત કરવી એ કલ્યાણનો માર્ગ છે. એવું દર્શાવી સોભાગભાઈના આત્માને સંસારથી તદ્દ્ન વિરક્ત થવા અને સમાધિમરણ સાધી જીવનસિદ્ધિ કરવા પ્રેર્યા છે.

આ જ્ઞાનવાર્તાનું ફળ એ આવ્યું કે શ્રી સોભાગભાઈને :

''દેહન આત્મા જુદા છુ, દેહ જડ છે, આત્મા ચૈતન્ય છે તે ચૈતન્યનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજમાં આવતો નહોતો. પણ દિન–૮માં આપની કૃપાથી અનુભવનો ચરણથી બેફાટ પ્રગટ જુદો દેખાય છે. અમે રાતદિવસ આ ચેતન અને આ દેહ એમ આપની કૃપા દષ્ટિથી સહજ થઈ ગયું છે........'' [૨૭]

ભેદજ્ઞાન થયું. ૧૯૫૩ જેઠ વદ–૧૦ મે શ્રી સોભાગભાઈનો દેહ છૂટી ગયો. આ સમયે શ્રીમદ્દે તેમના પુત્ર ત્રંબક ઉપર પત્રમાં અંજલિ આપતા લખ્યું :

''શ્રી સોભાગે દેહને ત્યાગતા મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે. એમાં શંકા નથી... આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરુષ મળે એમને વારંવાર ભાસે છે. ધીરજથી સર્વએ ખેદ સમાવવો અને તેમના અદ્‌ભુત ગુણોનો અને ઉપહાસકારી વચનોનો આશ્રય કરવો યોગ્ય છે. શ્રી સોભાગ મુમુક્ષુએ વિસ્મરણ કરવા યોગ્ય નથી....'' [૨૮]

સામાન્ય એવા સોભાગભાઈને 'વિરલ' એવા વિશેષણથી નવાજવા પડે, અને ખુદ એમના ગુરુ એ વિશેષથી અંજલી આપે, એ શિષ્ય તરીકેની એમની યોગ્યતા પુરવાર કરવા પૂરતું છે.

અહીં એક એ પણ ઉલ્લેખ કરવો યોગ્ય છે કે શ્રી સોભાગભાઈને પહેલી વાર મળતાં શ્રીમદ્ પોતે પણ આનંદ સમાધિમાં ડૂબી ગયેલા. એ સમયે એમને પોતાના ભાવિનું ચિત્ર સ્પષ્ટ થયેલું. એટલે આ દષ્ટિએ શ્રીમદ્દે સોભાગભાઈને હંમેશાં પોતાના ઉપકારી માનેલા. વળી સોભાગભાઈની તત્ત્વ જિજ્ઞાસા, ભક્તિ અને પરમનિષ્ઠાના કારણે શ્રીમદ્‌ને મન અદ્વિતીય હતા. એટલે સત્સંગ માટે હંમેશાં આતુર શ્રીમદ્ સોભાગભાઈના સમાગમ માટે ઈચ્છાવાન રહેતા. આ સમાગત પહેલાં સામાન્ય ઈચ્છા અને બાદમાં આતુરતા, ઝંખના, ઝુરણા તરીકે પ્રગટ થતી પત્રોમાં દેખાઈ આવે છે. શ્રીમદ્દે એમના જીવનકાળ દરમિયાન અસંગ થવાની અદમ ઈચ્છા હોવા છતાં કોઈને પણ પૂર્ણપણે ઈચ્છયા હોય તો તે શ્રી સોભાગભાઈ છે.

એક પત્રમાં

"આપણો સમાગમ અધિક કરીને ઈચ્છું છું. ઉપાધિમાં એક સારી વિશ્રાંતી છે..."[૨૯] તો ૧૯૪૭માં એક પત્રમાં લખે છે :

"વારંવાર વનવાસની ઈચ્છા થયા કરે છે, જો કે વૈરાગ્ય તો એવો રહે છે કે ઘર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી. અને વારંવાર એ જ રટના રહેવાથી 'વનમાં જઈએ, 'નવમાં જઈએ.' એમ થઈ આવે છે. આપનો નિરંતર સત્સંગ હોય તો એમને ઘર પણ વનવાસ જ છે....." [૩૦]

અહીં સોભાગભાઈનો સત્સંગ શ્રીમદ્‌ને મન વૌગ્યપોષક છે એ જોઈ શકાય છે. બીજા એક પત્રમાં તેઓ સોભાગભાઈને કેવા હૃદયરૂપ માનતા તે જોઈએ. ઘણીવાર શ્રીમદ્‌ને પરબ્રહ્મ વિચારમાં ઘણાં આનંદ કિરણ સ્ફુરતાં, એ વખતે કંઈની કંઈ અભેદ વાત સમજાતી, પણ એવી વાત કોઈને કહી શકાતી નહીં, એ અકથ્ય વેદનાની વાત કરતાં લખે છે :

"અમારી એ વેદના અથાગ છે વેદનાને વખતે શાતા પૂછનાર જોઈએ, એવો વ્યવહાર માર્ગ છે. પણ અમને આ પરમાર્થ માર્ગમાં શાતા પૂછનાર મળતો નથી અને જે છ તેનાથી

વિયોગ રહે છે. ત્યારે હવે જેનો વિયોગ છે એવા જે તમે તે અમને કોઈપણ પ્રકારે શાતા પૂછો એમ માગીએ છીએ....''[૩૧]

માત્ર સુખમાં નહીં પણ મુંઝવણના, વેદનાના કણમાં ભાગીદાર થવા આમંત્રે છે અને આવી આતુરતામાં ભળે આદર અને ઉપકાર :

''તમે અમારા માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે. તમે અમારા અથાગ ઉપકારી છો. તમે અમને અમારી ઈચ્છાનું સુખ આપ્યું છે, તે માટે નમસ્કાર સિવાય બીજે શું બદલો વાળીએ? પણ અમને લાગે છે કે અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે, હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે, અને એ જ અમે મોટાભાગ્યોદય માનીશું.....''[૩૨]

અહીં બન્નેનાં આંતરિક સંબંધો કેવા વિશુદ્ધિના માર્ગે ચાલી રહ્યા છે તે જોઈ શકાય છે. સંતો હંમેશાં લૌકિક નહીં, અલૌકિક ભેટ આપે છે અને એવી જ અલૌકિક ભેટ સોભાગભાઈને મળી, પરાભક્તિની જગતની જોડી કરતાં આ બન્નેની જોડ કેવી જુદી પડે છે!

શ્રીમદ્ અહોભાવ વ્યક્ત કરતા લખે છે :

''આપની સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરીએ છીએ. કવિકાળમાં પરમાત્માએ કોઈ ભક્તિમાન ઉપર પ્રસન્ન થવું હોય તો તેમાંના આપ એક છો. અમને તમારો મોટો ઓથ આ કાળમાં મળ્યો અને તેથી જ જીવાય છે....'' [૩૩]

એક પત્રમાં લખે છે :

''હાલ તો અમને કંઈ ગમતું નથી, અને જે કંઈ ગમે છે, તેનો અતિશય વિયોગ છે. વધારે શું લખવું ? સહન જ કરવું એ સુગમ છે......'' [૩૪]

એક એક પત્રમાં આ વિરક્ત પુરુષો સોભાગભાઈને કેવા ભાવથી, લાગણીથી ભીંજવ્યા છે!

“તમારા સત્સંગને વિષે અત્યંત રુચિ તથાપિ તે પ્રસંગ થવા હાલ તો ‘નિર્બળ’ થઈ શ્રી ‘હરિને’ હાથ સોંપીએ છીએ...” [૩૫]

પણ આવો સત્સંગ જલ્દી થતો નથી. શ્રીમદ્‌ની કંઈ લોકવાર્તા કરવાની ઈચ્છા નથી પણ :

“એક આત્મવાર્તામાં જ અવિચ્છિન્ન કાળ વર્તે એવા તમારા જેવા પુરુષના સત્સંગના અમે દાસ છીએ. અત્યંત વિનયપણે અમારા ચરણ પ્રત્યયી નમસ્કાર સ્વીકારજો.....” [૩૬]

અહીં શ્રીમદ્‌નો વિનય જોવા મળે છે. આમ આદર, અહોભાવ, વિનયયુક્ત આ સંબંધને કલગી તો ચડે છે. શ્રીમદ્‌ના આ લખાણથી

“હે સાર્વેત્કૃષ્ટ સુખના હેતુભુત સમ્યક્દર્શન !

તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.”

આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખને અનુભવે છે. તારા પરમાનુગ્રહથી સ્વરૂપમાં રુચિ થઈ પરમ વીતરાગ સ્વભાવ પ્રત્યે પરમ નિશ્ચય આવ્યો કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો.

હે જિન વીતરાગ ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. તમે આ પામર પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે.

હે કુંકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

હે શ્રી સોભાગ ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો.”

આમ, સોભાગભાઈ સાચા અર્થમાં સદ્ભાગી બન્યા. આ પત્રો વાંચતા જ્ઞાનીના અંતરમાં ડોકિયું કરવાં મળે છે. તેમના અંતઃસ્તલનાં કંઈક મોતી હાથ લાગે છે. એટલે અધિકારી ભાવક તો પરમ સુખાનુભૂતિ પામે. બધા જ પત્રો શ્રીમદ્‌ની લાગણીથી રસાયેલા છે. સમાન વયની મૈત્રી તો જગતમાં સામાન્ય છે, પણ આવી અસમાન વયની પરમાર્થ જોડી એ અસામાન્ય છે. બન્ને વચ્ચેનો કેવો ભાવ ! કેવી લાગણી ! વધારે વર્ષોનો એમનો સંબંધ નથી. સાતેક વર્ષ સંબંધ રહ્યો, પણ એટલાં વર્ષોમાં કેવી પ્રગાઢતા ! સાચે જ મુમુક્ષુના નેત્રો મહાપુરુષને ઓળખી કાઢે છે અને સોભાગભાઈએ શ્રીમદ્‌ને ઓળખી કાઢ્યા. તો સામે ગુરુએ પણ શિષ્યને પ્રથમ નજરે પારખી લીધો. આ ઓળખ પરખનું પ્રત્યક્ષીકરણ એટલે જ આ પત્રો.

પણ જેવી આશ્ચર્યજનક એમની ઓળખાણ એવા જ આકર્ષક આ પત્રો છે. શ્રીમદ્‌ના સમગ્ર પત્ર સાહિત્યને નજર સામે રાખીને પણ કહી શકાય કે તેમાં આ પત્રો અનન્ય છે, વાંચનારને વશીકરણ કરે તેવા છે પત્રોનું બાહ્યસ્વરૂપ એવું કે કોઈને ઉદાહરણ રૂપે રજૂ કરી શકાય. પત્રો અનેકને ઉદ્દેશીને લખાયેલાં હોવા છતાં દરેક પત્રમાં કેટલું વૈવિધ્ય ? ભાષામાં, રજૂઆતમાં, સંબોધનથી જ જોઈએ, પ્રેમ નીતરતાં, આત્મીય લગભગ ૬૦ જેટલાં વિવિધ સંબોધનો! અને એવા જ એટલા જ દસ્કત, સમગ્ર ગુજરાતી પત્ર સાહિત્યમાં વ્યક્તિને એક વ્યક્તિએ કરેલાં આટલાં સંબોધન મળવા દુર્લભ.

વચ્ચેનાં લખાણમાં ગદ્ય સાથે રૂચિર પદ્ય. પંક્તિમાં પત્રના ભાવને અનુરૂપ તો હોય સાથે તેના બાહ્યરૂપન પણ રમણીયતા, નવીનતા બક્ષે છે. આનંદઘનજી, યશોવિજયજી, સમયસાર નાટક, ગીતા આદિમાંથી આ પંક્તિ ઉદ્ધૃત કરી હોય. શાસ્ત્રોની ગાથા પણ હોય, દષ્ટાંત પણ આવે, જે પત્રને વધારે આવદ્ય બનાવે, સિદ્ધાંતને દઢ કરે, ભાવને સઘન બનાવે છે.

ભાષા સંબંધે કહીએ તો સરળતા એ મુખ્ય લક્ષણ છે ગદ્યમાં પણ પદ્યની જેમ યમક અલંકાર જોવા મળે. ઉદા. ‘‘આ કળિયુગ છે, એમાં હરિસ્વરૂપ હરિનામ અને હરિજન

દષ્ટિએ નથી આવતા. શ્રવણમાં પણ નથી આવતાં. 'શ્રીમદ્‌ની શૈલી એક આગવી ભાત પાડે તેવી છે. વાતને વૈવિધ્યસભર રીતે કહેવી એ એક વિશેષતા છે. તો લાઘવની શક્તિ એ પણ શ્રીમદ્‌ની જ. એકાદ વાક્યમાં વ્યાખ્યા બાંધી આપે. લખાણ સંસ્કૃતમય શબ્દોથી યુક્ત. સંસ્કારી સૌજન્યપૂર્ણ શબ્દોની વચમાં બોલ ચાલના શબ્દો, વાક્ય એવા આવી જાય કે ખબર જ ન પડે. ઉદા. "આપણું પતુ ? ગઈ પરમે મળ્યું છે." પણ આવા વિધાનો પત્રને વધારે સ્વાભાવિક બનાવે છે.

'સૂત્રમય લખાણ એ રાજશૈલીનું આગવું લક્ષણ અહીં ન હોય એવું કેમ બને ? મનમાં રમી રહે તેના વિદ્યાનો અહીં ઠેર ઠેર જોવા મળે છે.

ઉદા. "યમ અંતકાળે પ્રાણીને દુઃખદાયક નહીં લાગતો હોય પણ અમને સંગ દુઃખદાયક લાગે છે...." [૩૭]

"સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં...." [૩૮]

આમ, ગંભીર વિષય, છતાં સરળ શૈલી વિષયક અનેક ગુણોથી રચેલા આ પત્રો સોભાગભાઈને તો અનન્ય લાગે, પણ ભાવકોને પણ અદ્વિતીય લાગે છે. પત્રોમાં એક એવું અદશ્ય ખેંચાણ રહેલું છે કે કયારે તે પ્રવાહમાં સાંગોપાંગ ઝબોળાઈ ગયા તેની વાચકને ખબર જ પડતી નથી, અને એ જ આ પત્રોની સહજતા છે, વિશેષતા છે.

શ્રી મુનિ પ્રત્યે –

"હે મુનિઓ ! જયાં સુધી કેવળ સમવસ્થાનરૂપ સહજ સ્થિતિ સ્વાભાવિક ન થાય ત્યાં સુધી તમે ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન રહો."

જેમણે ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન રહેવાની ભલામણ કરી છે તે ભાલ પ્રદેશના વટામણ ગામના રહીશ મુનિશ્રી લલ્લુજી અથવા લઘુરાજ સ્વામી તરીકે જાણીતા છે. કયારેક કયારેક શ્રીમદ્ એમને રમૂજમાં 'ચોથા આરાની વાનગી' કહીને પણ નવાજતા. શ્રીમદ્

સાહિત્યના સંગ્રાહક અને પ્રસારક એવા મુનિ ખંભાતના શ્રી હરખચંદજી મહારાજના શિષ્ય હતા. ઉપવાસ એકાસણા આદિ બાહ્યતપ અને આંતરિક તપમાં કાર્યોત્સર્ગ આદિ કરવાં છતાં કામવાસના સંપૂર્ણ નિર્મૂળ થતી નહોતી. ગુરુ પાસેથી આ પ્રશ્નનો ઉત્તર પૂછવા છતાં સમાધાન થતું નહોતું.

આ અરસામાં વિ.સં.૧૯૪૬માં દિવાળીમાં શ્રીમદ્ ખંભાત પધાર્યા અને અંબાલાલાભાઈના આગ્રહથી ઉપાશ્રયમાં ગયા. ત્યાં શ્રીમદ્દે હરખચંદજી મહારાજના કહેવાથી અવધાનના પ્રયોગ કર્યાં. મહારાજે થોડી શાસ્ત્રસંબંધી વાતચીત કરી. તે પરથી મહારાજે શ્રીમદ્દની ઘણી પ્રશંસા કરી. આથી શ્રીમદ્ પાસે શાસ્ત્રનો મર્મ સમજવા લલ્લુજી મહારાજે ગુરુ પાસે આજ્ઞા માગી અને તે મળતા મુનિ તથા શ્રીમદ્ ઉપાશ્રયમાં મેડા ઉપર ગયા. ત્યાં મુનિએ પોતાથી ૧૪ વર્ષ નાનાં અને ગૃહસ્થવેષી શ્રીમદ્દને પોતાના પૂજ્ય માની ત્રણ દંડવત્ નમસ્કાર કર્યાં. ત્યાર પછી મુનિની ઈચ્છા પૂછતાં તેમણે ‘સમક્તિ’ અને બ્રહ્મચર્યની દઢતા સંબંધી માંગણી કરી. થોડીવાર મૌન રહી ‘ફીક’ એવો જવાબ આપી શ્રીમદ્ નીચે ગયા. રસ્તામાં અંબાલાલભાઈને જણાવ્યું કે લલ્લુજી પૂર્વના સંસ્કારી પુરુષ છે. બીજે દિવસે મુનિ શ્રીમદ્દના સમાગમ માટે અંબાલાલભાઈને ઘેર ગયા. ત્યાં શ્રીમદ્દે થોડું આગમસૂત્રનું વિવેચન કર્યું. મુનિ હર્ષિત થયા. શ્રીમદ્દની ખંભાતમાં સ્થિતિ દરમિયાન મુનિ તેમની પાસે સત્સંગાર્થે જતાં. આમ પૂજ્યભાવ વધતા મુનિશ્રી લલ્લુજીએ શ્રીમદ્દને એક ગૃહસ્થવેષીને પોતાના ગુરુ તરીકે સ્થાપ્યા!

શ્રીમદ્દના મુંબઈ જવા પછી મુનિશ્રી – અંબાલાલભાઈ મારફત શ્રીમદ્ સાથે પત્ર વ્યવહાર કરી જ્ઞાનવાર્તાનો લાભ મેળવતા. વચ્ચે શ્રીમદ્દની જ્યાં સ્થિતિ હોય તેની નજીકના સ્થળે ચોમાસા કરી મુનિ, પ્રત્યક્ષ સત્સંગ સમાધાનનો લાભ મેળવતા. સાથે તેમના અન્ય શિષ્યો દેવકરણજી મુનિ, ચતુરલાલજી મુનિ, મોહનમુનિ આદિ પણ આ ગુરુભક્તિમાં જોડાતા.

આમ, એમની ખંભાતમાં મુલાકાત એક જિજ્ઞાસુનાં રૂપમાં થઈ, પણ અંતે તે સંબંધે વર્ધમાન થતાં એક સાચા શિષ્ય–ગુરુના સંબંધમાં પરિણમ્યો. આમ એક સદ્‌ગુરુ અને શિષ્ય વચ્ચેનો આ પત્ર સેતુ છે, જે ૧૯૪૬ થી શરૂ થઈ ૧૯૫૭ સુધી શ્રીમદ્‌ની હયાતી સુધી ચાલુ રહ્યો. આ અગિયાર વર્ષના ગાળામાં શ્રીમદ્ તરફથી મુનિ પ્રત્યે લખાયેલા ૧૧૧ પત્રોની વિશેષતાઓ એ છે કે અન્ય જેમને પણ આ માર્ગ પર ચાલવાની જિજ્ઞાસા છે, તેવા દરેક મુમુક્ષુ માટે તે શિવમાર્ગ ખુલ્લો જ છે. જ્યારે જે કોઈ ઈચ્છે તે શુભ શરૂઆત કરી શકે છે. મુનિશ્રી જેટલાં જ તેમને પણ એ પત્રો સાર્થક બની શકે છે.

આગળ દર્શાવ્યું તેમ મુનિ પ્રત્યે લખાયેલા પત્રો એ ‘શ્રીમદ્ પત્ર સાહિત્યો મહદ્ અંશે છે. જેમાં શ્રીમદ્દે મુનિને મોક્ષની અપૂર્વ વાત અને વાટ બતાવી છે. આ પત્રો એ ગુરુની આંગળી પકડી ચાલતા શિષ્યને માર્ગદર્શક રૂપ છે. માર્ગમાં વચ્ચે આવતા અવરોધોની જેમાં ઓળખ છે, અને અંતિમ લક્ષ્યે પહોંચવા માટેનો ‘Short cut’ પણ છે. સંસારી હોય કે મુનિ, શ્રીમદ્ પાસે તો એક જ વાત હતી પરમાર્થની. જેને પરમાર્થની લગની લાગી તેને શ્રીમદ્દે પોતાના અનુભવબિંદુનો રસાસ્વાદ કરાવ્યો. સોભાગભાઈ બહોળા કુટુંબના ઉપાધિગ્રસ્ત ગૃહસ્થને અગમ માર્ગ બતાવ્યો, તો સંસાર ત્યાગી મુનિને તો સાચુ મુનિપણું, નિર્ગ્રંથનો માર્ગ જ બતાવે ને ! તત્ત્વવિચારણાને લગતા આ પત્રો હાલ ‘શ્રીમદ્ રાજચંદ્ર’ ગ્રંથમાં સંગ્રહાયા છે. આમાંના મોટાભાગનાં પત્રો લંબાણયુક્ત છે. શ્રી સોભાગભાઈ અને સિવાય કોઈને આવા લાંબા પત્રો લખાયેલ જોવા મળતાં નથી.

આ પત્રોમાં શ્રીમદ્દે મુનિન– ‘સૂત્રકૃતાંગ્ર’, ‘ઉતરાધ્યપન’, ‘યોગવાશિષ્ઠ’, ‘આચારાંગસૂત્ર’, ‘દાસબોધ’, ‘મોક્ષમાર્ગ પ્રકાશક’, ‘કર્મગ્રંથ’, ‘ગોમ્મટ સાર’, ‘હ, ‘યોગપ્રદીપ’, ‘શાંત સુધારસ’, ‘કાર્તિકેયાનુપ્રેક્ષા’, ‘પદ્મનંદિ પંચવિશતિ’ વગેરે ગ્રંથો વાંચવાની ભલામણ કરી છે અને તેમાં પણ વિશેષ ‘સૂત્રકૃતાંગ’, ‘ઉતરાધ્યપન’ પર ભાર મૂક્યો છે.

આ પત્રોમાં મુનિને કરેલાં સંબોધનોમાં શ્રીમદ્‌નો મુનિ પ્રત્યે આદર સ્પષ્ટ જોઈ શકાય છે જેમકે–

સત્‌જિજ્ઞાસુ – માર્ગાનુસારીમતી,

શુભેચ્છાપ્રાપ્તશ્રી લલ્લુજી.

સૂંપુરસ્થિત શુભેચ્છા સંપન્ન આર્યશ્રી લલ્લુજી, શુભવૃત્તિ સંપન્ન સત્સંગ યોગ્યશ્રી લલ્લુજી પ્રત્યે.

શ્રીમુનિ, આત્માર્થ ઈચ્છા યોગ્ય શ્રી લલ્લુજી પ્રતપે, આત્માર્થી મુનિ, પથાભ્યાસી શ્રી... પરમકૃપાળુ મુનિવરોને નમસ્કાર, પરમકૃપાળુ મુનિવર્યના ચરણકમળમાં પરમ ભક્તિથી સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.

આવા વિવિધ વિશેષણયુક્ત સંબોધનો મુનિની સાચી ઓળખ કરાવનારા છે તેમ શ્રીમદ્‌નો તેમના પ્રત્યે આદર વ્યક્ત કરનારાં પણ છે દસ્તક શ્રીમદ્‌ની આંતરદશાના સૂચક છે. મુનિ શ્રીમદ્‌ના શિષ્ય છે, પણ બાહ્ય વેષમાં તે સંસારથી વિરક્ત સાધુ છે. જ્યારે શ્રીમદ્ જ્ઞાની હોવા છતાં ગૃહસ્થ છે અને એટલે આ પત્રોમાં બાહ્ય વ્યવહાર શ્રીમદ્દે બરાબર જાળવી રાખ્યો છે. સાધુદશાનું ગૌરવ જાળવ્યું છે. જો કે ઘણાં પત્રો સંબોધન કે દસ્તક વગરના જ છે. સોભાગભાઈના પત્રોમાં જેટલી વિવિધતા છે તેટલી અહીં નથી. અલબત્ત પત્રોની સંખ્યા પણ તેના કરતા ઘણી ઓછી છે. ઉદા. તરીકે દસ્તક જોઈએ :

– સર્વકાળ એ જ કહેવા માટે જીવવા ઈચ્છનાર રૂપચંદની વંદના.

– આત્મસ્થિત

– આ.સ્વ.નમસ્કાર પ્રાપ્ત થાય.

– આત્મસ્વરૂપે પ્રણામ

– સહજાત્મસ્વરૂપે પથ!

– પરમશાંતિ.... આદિ.

આગળ કહ્યું તેમ આ પત્રોમાં અખંડ મોક્ષમાર્ગ નિરૂપાયો છે. ક્રમિક જોઈએ : ૧૯૫૧નાં ફાગણ વદ ૧૧ના એક પત્રમાં લખે છે–

"જન્મ, જરા મરણાદિ દુઃખે કરી સમસ્ત સંસાર અશરણ છે સર્વ પ્રકારે જેણે તે સંસારની આસ્થા તજી તે જ આત્મસ્વભાવને પામ્યા છે અને નિર્ભય થયા છે. વિચાર વાત સ્થિતિ જીવને પ્રાપ્ત થઈ શકતી નથી અને સંગના મોહે પરાધીન એવા આ જીવને વિચાર પ્રાપ્ત થવો દુર્લભ છે..." [૩૯]

આ વિચાર એટલે કેવો વિચાર ? તે એક અન્ય પત્રમાં :

"સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું, સત્પુરુષોના લક્ષણનું ચિંતન કરવું, સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું, તો મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્ય ફરી ફરી નિદિધ્યાસન કરવાં, તેઓએ સંમત કરેલું સર્વ સંમત કરવું.

આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું, નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય ક્ષણે, ક્ષણે સમયે સમયે, તેમાં લીન થવા યોગ્ય, પરમ રહસ્ય છે અને એ જ સર્વ શાસ્ત્રનો સર્વસંતના હૃદયનો ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહામાર્ગ છે અને તે સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા છે એ...."[૪૦]

આવા સત્પુરુષ અર્થાત્ સદ્‌ગુરુની ઓળખ અને તેની શરણાગતિ જીવે કરી નથી.

"હે આયુષ્યમનો આ જીવે સર્વ કર્યું છે એક આ વિના. તે શું ? તો ક નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી અથવા રૂડે પ્રકારે કરી તે

ઉઠાવ્યાં નથી અને તેને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે......''[૪૧]

આ પત્રોમાં સદ્ગુરુનું મહાત્મ્ય અનેક પ્રકારે ફરીફરી શ્રીમદ્દે દર્શાવ્યું છે. કારણ નિર્ગ્રંથના પંથની શરૂઆત જ ગુરુ! શરણથી ચરણથી થાય છે.

''કોઈપણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી. સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ સત્ પ્રાપ્ત થાય છે. સત્ સમજાય છે. સત્‌નો માર્ગ મળે છે. સત્ પર લક્ષ આવે છે. સજીવનમૂર્તિના લક્ષ વગર જ કંઈપણ કરવામાં આવે છે તે જીવને બંધન છે. આ અમારું હૃદય છે!.....''[૪૨]

'સત્' – કેવું છે? 'સત્' ને પ્રાપ્ત કરવું કેવી રીતે ? તેનું લક્ષણ વળી એક પત્રમાં દર્શાવે છે :

''સત્' સત્ જ છે, સરળ છે, સુગમ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે, પણ સત્‌ને બતાવનાર સત્ જોઈએ....''[૪૩]

''દષ્ટિ જો મલિન હોય તો તેની સતમૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષણ રહે છે, જેથી ઓળખાણ પડતું નથી અને જ્યારે ઓળખાણ પડે છે, ત્યારે જીવને કોઈ અપૂર્વસ્નેહ આવે છે, તે એવો કે મૂર્તિના વિયોગ ઘડી એક આયુષ્ય ભોગવવું તે પણ તેને વિટમ્બણા લાગે છે, અર્થાત્ તેના વિયોગે તે ઉદાનસીનભાવ તેમાં જ વૃત્તિ રાખીને જીવે છે. બીજા પદાર્થોના સંયોગ અને મૃત્યુ એ બન્ને એને સમાન થઈ ગયાં હોય છે. આવી દશા જ્યારે આવે છે, ત્યારે જીવને માર્ગ બહુ નિકટ હોય છે એમ જાણવું....''[૪૪]

આમ અહીં પરમભકિતનું સ્વરૂપ દર્શાવ્યું એ સિવાય છુટવાનો બીજો ઉપાય નથી. કારણ કે ભકિત એ મોક્ષનો રાજમાર્ગ છે જીવે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંતગવાર કર્યું પણ જે અનિવાર્યપણે કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નહીં. અનાદિ કાળથી અવળે માર્ગે ચાલ્યો છે, જ્યાં સુધી સ્વછંદીરૂપી અંધત્વ હશે ત્યાં સુધી માર્ગનું દર્શન થતું નથી, થશે નહીં.

આટલી સ્પષ્ટ વાત કર્યા પછી 'સ્વચ્છંદ' કેમ ટાળવો તે દર્શાવે છે. સ્વચ્છંદને ટાળવા જ્ઞાનીની આજ્ઞાનું આરાધન એ એક માત્ર ઉપાય છે. અર્થાત્ નિશદિન સત્સંગ આરાધવો, સત્સંગની મહત્તા શ્રીમદ્દે અનેકવાર ગાઈ છે. સત્સંગ સાથે જોઈએ વૈરાગ્ય. કારણ જ્ઞાનનું ફળ વિરતિ જ છે અને સાથે જોઈએ શાસ્ત્રધ્યયન. સત્સંગ વિષે :

"સત્સંગ (સમવયી પુરુષોની, સમગુણી પુરુષોનો યોગ) સત્નો જેને સાક્ષાત્કાર છે, એવા પુરુષોનાં વચનોનું પરિચર્યન કરવું કે જેમાંથી કાળે કરી સત્ની પ્રાપ્તિ થાય છે...."[૪૫]

"આત્મા ગવેષણો હોય તેણે યમનિયમદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી સત્સંગને ગવેષવો તેમજ ઉપાસવો... જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે. સત્સંગનું સર્વોત્તમ અપૂર્વપણું આહારાત્ર એમ અમને વસ્યા કરે છે...."[૪૬]

વૈરાગ્યવર્ધક શાસ્ત્રોનું અધ્યાપન એ પણ એક રીત સત્સંગ જ છે એટલે જૈનાગમમાંથી 'સુપગડાંગ', ઉતરાધ્યન સુત્ર, 'યોગવાશિષ્ઠ' આદિ ગ્રંથોનું અધ્યયન કરવા તેમણે મુનિઓને સૂચવ્યું છે.

ટૂંકમાં જગતમાં બાહ્યવેષી મુનિપણું નહીં પણ આંતરિક સાધુતા કેમ સાધ્ય થાય અને તે અર્થે નીતિ નિયમો દિનચર્યા ખુબ ઝીણવટથી શ્રીમદ્દે દર્શાવી છે. સાથોસાથ મુનિઓ તરફથી પૂછાતા પ્રશ્નોનું નિરાકરણ પણ કર્યું છે. આમ પૂરી માવજતથી શિલ્પી જેમ શિલ્પવિધા કરે તેવી માવજતથી શ્રીમદ્દે પત્રો દ્વારા મુનિઓના આંતર–બાહ્યનું રચનાવિધાન કરેલું દેખાય છે.

આ દિવસોમાં એટલે કે ૧૯૫૦ના ફાગણ માસમાં શ્રીમદ્દે મુનિને સમગ્રશાસ્ત્રો–જૈન, વેદાંત આદિના નિચોડરૂપ 'છ પદનો' પત્ર પાઠવેલો છે. સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ એવા છ સ્થાનક છે.

૧. આત્મા છે.

૨. આત્મ નિત્ય છે.

૩. આત્મા કર્તા છે.

૪. આત્મા ભોક્તા છે.

૫. મોક્ષપદ છે.

૬. મોક્ષનો ઉપાય છે.

આ વાત ઉદાહરણથી, તર્કથી અને અનુભવથી પ્રતિપાદિત કરી છે. આ અત્યંત સંદહરહિત છ પદ દરેક જીવને સ્વરૂપ સમજવા અર્થે તેમણે કહ્યા છે.

''અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાની પુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પાત્રોનું સ્વરૂપ છે એમ જો જીવ પરિણામ કરે તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યગ્‌દર્શનને પ્રાપ્ત થાય....''[૪૭] આ જ પત્રમાં તેઓ આગળ સત્પુરુષની વિવિધરૂપે કૃતજ્ઞતા સ્વીકારે છે.

''સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે. કેમકે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જેણે કંઈપણ ઈચ્છયા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે એમ કદી જોયું નથી, એવા એવા જે સત્પુરુષ તેને અત્યંત ભકિતએ ફરી ફરીને નમસ્કાર હો!.....''[૪૮]

આ જ ક્રમમાં સત્પુરુષ દ્વારા નિરૂપાયેલી શિષ્યના કલ્યાણરૂપ ભક્તિની મહત્તા દર્શાવી છે. તથા અંતમાં આવા સત્પુરુષના પોગે સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર કેવળ જ્ઞાન પામ્યા તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર કર્યા છે.

આખા પત્રની ભાષા સરળતાની સાથે સઘનતા દર્શાવે છે. વિચાર, લાગણીનું એવું સામંજસ્ય આમાં સધાયું છે. જે વાંચ્યા વગર ખ્યાલ ન આવે અનેક મોટા શાસ્ત્રોના સર્જન પછી પણ યોગ્ય કહેવાયું નહીં એમ લાગે આવો જે આત્મા, તેનું શાશ્વતપણું, નિર્મલપણું અને તેને પ્રાપ્ત કરવાનો ઉપાય માત્ર બે ત્રણ પાનામાં દર્શાવી આપ્યો છે. કોઈ જગ્યાએ તો એમનું ગદ્ય કાવ્યમય બની ગયું છે ઉપરના ઉદાહરણો તો ભાષાની એક ઝલક માત્ર છે. પણ પૂરો પત્રજ્ઞાનની ગંભીરતા અને નિરૂપણની વિશેષતાની દ્દષ્ટિએ જોવા યોગ્ય છે.

આ પત્ર સાથે શ્રીમદ્દ્ માર્ગની સંપૂર્ણતા દર્શાવી દીધી. પણ આ જ્ઞાનનું સાર્થકપણું ત્યારે જ સિદ્ધ થાય કે તે આચાર બની પરિણમે. અને એવા જ પ્રસંગો મુનિઓની બાબતમાં ઉપસ્થિત થયા.

શ્રીમદ્ અને મુનિઓ વચ્ચેનો પત્રવ્યવહાર તથા સમાગમ વધતો ચાલ્યો શ્રીમદ્દ્ના જ્ઞાન તથા કરુણાથી મુનિઓને શ્રીમદ્ તરફ સાક્ષાત્ પ્રભુ જેવો રાગ થયો. એક મુનિનો ગૃહસ્થી તરફનો આવો રાગ એ સમયના જૈન સમાજને અજીરણરૂપ થયો. સમાજે મુનિઓને વિશેષ પ્રકારે કનડવા માંડ્યા. પરિષદ શરૂ થયા. જૈન સંઘાડામાંથી સાતેય મુનિઓને બહિષ્કૃત કર્યાં. આ દિવસોમાં થયેલો પત્રવ્યવહાર અને મુનિઓનું આચરણ, એ ગુરુ–શિષ્ય બન્ને માટે કસોટીરૂપ નીવડ્યું.

ગુરુએ એમને ક્ષણે ક્ષણે સમતા રાખી સહન કરવું એને શ્રેષ્ઠ બતાવ્યું. જેમ બને તેમ અભેદભાવે વ્યવહાર કરવા સૂચવ્યું. બહિષ્કૃત થતી વખતે વસ્ત્ર પાત્ર, પુસ્તકો – એક પણ વસ્તુ તરફ મોહ ન દર્શાવી તેનો ત્યાગ કરવા જણાવ્યું. આ દિવસોમાં સમાજ તરફથી એવી સખ્તી પ્રવર્તી કે ત્રણ દિવસ અને ત્રણ રાત, મુનિઓને આહાર તો શું પણ પાણીનું એક ટીપું પણ કોઈએ ન વહેરાવ્યું. આ પરિષદ તેમણે ગુરુ શ્રીમદ્ તરફનો પૂજયભાવ, વિશ્વાસ અને મળેલી સમજણથી સમતા રાખી રહ્યો, અને પાર પણ ઉતર્યાં. તેમની ઉદારતા નિઃસ્પૃહતાની છાપ સામા પક્ષ પર પડી. તેમને પસ્તાવો થયો પણ મુનિઓ તો પ્રથમની માફક આત્મહિતમાં મશગૂલ રહ્યા.

આ દિવસોમાં શ્રીમદ્ એમને લખ્યું–

“જે પ્રકારે બીજા મુમુક્ષુ જીવોનાં ચિત્તમાં તથા અંગમાં નિર્મળ ભાવની વૃદ્ધિ થાય, તે તે પ્રકારે પ્રવર્તવું કર્તવ્ય છે......”[૪૯]

આ ઉપરાંત સામા પક્ષ તરફ અદ્વેતભાવ ઉત્પન્ન કરાવવા લખે છે :

“સહેજે સમાગમ થઈ આવે અથવા એ લોકો ઈચ્છીને સમાગમ કરવા આવતા હોય તો સમાગમ કરવામાં શું શાની છે ? કદાપિ વિરોધ વૃત્તિથી એ લોકો સમાગમ કરવાનું કહેતા હોય તો પણ શું હાનિ છે? આપણે તો તેના પ્રત્યે કેવળ હિતકારી વૃત્તિથી અવિરોધ દષ્ટિથી સમાગમમાં પણ વર્તવું છે, ત્યાં શો પરાભવ છે?.... તેમના પ્રત્યે બળવાન અદ્વેત ભાવનાએ વર્તવું એ જ સ્વધર્મ છે.....”[૫૦]

પાત્રોની આ વાતને તીર્થંકર ભગવાને પણ મહોર મારેલી છે. એ દર્શાવતા લખે છે.

“પરમ ભકિતથી સ્તુતિ કરનાર પ્રત્યે પણ જેને રાગ નથી અને તીવ્રદ્વેષથી પરિષદ ઉપસર્ગ કરાર પ્રત્યે પણ જેને દ્વેષ નથી, તે પુરુષરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર.....”[૫૧]

આ બધા પત્રોની, માર્ગદર્શનથી અસર એ થઈ કે મુનિઓ કષાય ભાવ રહિત થયા એની સાબિતી અંબાલાલભાઈએ શ્રીમદ્‌ને લખેલા પત્રમાંથી મળી રહે છે.

“આવા લૌકિક ઉદયથી મનને સંકોચ નહીં કરતાં મહામુનિઓ આનંદમાં રહે છે અને નીચે પ્રમાણે પરમાર્થ વિચારે છે.

અસત્સંગ દૂર થશે, મારાપણું આખા જગતથી છોડ્યું હતું, અને તેમાં પણ લપિયા સંઘાડાને લઈને કંઈ વળગ્યું હતું તે સહેજે છૂટયું. એ પરમ કૃપા શ્રી સદ્‌ગુરુની... ષડ્‌દર્શન ઉપર સમભાવ અને મૈત્રી રાખી નિર્મમત્વ ભાવે, વીતરાગભાવે આત્મસાધનને બહોળો અવકાશ મળ્યો.”[૧૮]

જાણે નરસિંહ મહેતા ફરી એકવાર ગાઈ ઊઠયા : 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ.' પ્રત્યક્ષ કે પત્ર દ્વારા શ્રીમદ્દ્ આ મુનિઓને મૂળ માર્ગ પામવાનો યથાર્થ રસ્તો ચીંધ્યો હતો અને મુનિઓએ પણ તેમની આજ્ઞાનુસાર ચાલીને સંત અવસ્થા જેવી નિર્મોહી દુર્લભ દર્શાવી પ્રાપ્ત કરી. તેના પરિણામે તેમનામાં શ્રીમદ્ પ્રત્યે અનન્ય ભક્તિ જન્મી હતી. એક દષ્ટાંત મુનિના પત્રમાંથી જોઈએ :

"આપના દર્શનની અત્યંત પિયાસા હોવાથી અત્રથી વિહાર કરી થોડા દિવસ આણંદ સ્થિતિ કરવાનો વિચાર છે. અંતરમાં તો ઘણી ઈચ્છા છે કે ઊઠીને પ્રભુના ચરણાધીનતામાં પડું, પણ તે તો બને તેવું નથી, તેમ (વિરહની) પીડા કથાય તેમ નથી... અંતરનું દુઃખ તો મન જ જાણે છે.... જે દિવસે પ્રભુના દર્શન થશે તે દિવસ ધન્ય ગણાશે. પરમોકૃષ્ટ ગણાશે."[૧૯]

મુનિશ્રી પોતાને માટે દાસી, કિંકર, છોરૂં શબ્દનો ઉલ્લેખ કરે છે. જેમાંથી તેમનો ગુરુ મહિમા, આદર જ વ્યક્ત થાય છે.

જૈન ગ્રંથોના સ્વાધ્યાય, શ્વેતામ્બર કે દિગમ્બરના ભેદમાં પડ્યા વગર સારતત્ત્વનું ગ્રહણ, નીર–ક્ષીર વિવેકબુદ્ધિ અને કષાયરહિતતા ત્યાગ, સમતા આદિ ગુણોના ઉદ્દ્ભવને લીધે મુનિની આંતરદશા ઘણી નિર્મળ બની. એ દિવસોમાં શ્રીમદ્ તરફથી તેમને પત્રરૂપે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' મળ્યું. જાણે મુનિને આત્મસિદ્ધિ લાધી. જે વાંચતા, વિચારતા મુનિની આંતરિક એક માત્ર ઈચ્છા સફળ થઈ. તેનો પ્રમોદ વ્યક્ત કરતા તેઓ લખે છે :

"હે પ્રભુ! આત્મસિદ્ધિશાસ્ત્રનાં બોધબીજ પ્રાપ્તિ કથન વિગેરે વાંચા મારું હૃદય ભરાઈ આવે છે. હે નાથ, અપૂર્વ વચન દર્શાવી, બોધબીજની અમૃતવાણીનું પાન કરાવી અલભ્ય અલભ્ય લાભ આ દાસીને પમાડ્યો છે. હે નાથ, પરમ શાંતિ લઈને આ દાસ સંતોષ પામ્યો છે સંભારી હવે શું લખું? આપના કોઈ રીતે હું ગુણનું સ્તવન કરવા સમર્થ નથી.... સહસ્ત્ર જીભે પણ વર્ણન કરવા સમર્થ નથી."[૨૦]

આમ, મુનિ લલ્લુજી 'અલભ્ય અલભ્ય' લાભને પ્રાપ્ત થયા. બીજા અર્થમાં કહીએ તો આ સમગ્ર પત્રવ્યવહારની ફલશ્રુતિ પણ એ જ. આ અર્થમાં જોતા આ પત્રો નર્યો વાક્‌વિલાસ કે સમય પસારની પ્રવૃત્તિ નહોતી. વિદ્વતાનો વિલાસ. અન્ય પત્રોની જેમ એ માત્ર ક્ષણિક લાગણીઓનો ઉછાળ ન હતો. એક સદ્‌ગુરુના હૃદયમાં પડેલી અનંત કરુણાનું આ એક કૃપાબિંદુ હતું, જે શિષ્યને સમ્યક્‌જ્ઞાન પ્રાપ્તિરૂપે પરિણમ્યું, એ જ આ પત્રોનું સાર્થક્ય. ભાષાની દષ્ટિએ વિચારીએ તો આ પત્રો પણ રાજશૈલીની વિશેષતાથી વિભૂષિત છે સૂત્રાત્મક શૈલીના અર્થઘટન વાક્યો અહીં પણ જોવા મળે છે. જેમકે–

'સત્' એ કંઈ દૂર નથી પણ દૂર લાગે છે એ જ જીવનો મોહ છે........''[પર]

'જે કંઈ પ્રિય કરવા જેવું છે તે જીવે જાણ્યું નથી અને બાકીનું કંઈ પ્રિય કરવા જેવું નથી...''[પ૩]

''અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે છે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણે......''[પ૪]

''જ્ઞાનનું ફળ વિરતિ છે.......''[પપ]

આદિ વિધાનો જે વારંવાર વાંચતા, વિચારતા અર્થછાયા વિસ્તરતી જ રહે છે.

પ્રથમ કહ્યું તેમ આ પત્રોમાં મોક્ષમાર્ગ નિરૂપ્યો છે, પણ એથી પત્રો શુષ્ક બન્યા નથી કે વિદ્વતાના ભારથી અસ્પર્શ્ય નથી. કોઈપણ તત્ત્વ–જીવ–અજીવ, વૈરાગ્યની વાત સુંદર રીતે રજૂ કરી છે. શૈલી પણ સરળ અને આગવી છે. સિદ્ધાંત સમજૂતી માટે કયારેક દષ્ટાંત મૂકે, તે એટલા સુયોગ્ય હોય કે સિદ્ધાંત તરત દઢ થઈ જાય. પાના નં. પપ ઉપર તપેલા સૂર્યનું દષ્ટાંત આવું જ છે. મહાવીર ભગવાનનાં જીવન પ્રસંગના ઉદા. પણ ઉપદેશબોધની દઢતા કરે તેવાં છે.

પત્રના લખાણમાં વિવિધતા પણ એટલી જે કયારેક સિદ્ધાંતની વાત, તો કયારેક આચારની વાત. કયારેક સિધુ નિરૂપણ તો કયારેક પદ્યપંક્તિઓ, જેમાં આનંદઘનજી કે રઘુનાથદાસની ગરબીની પંક્તિઓ હોય, તો કયારેક શાસ્ત્રની ગાથાઓ પણ હોય. પણ એ બધાનો સાર દઢ વૈરાગ્ય હોય.

આ બધા જ પત્રોની એક વિશેષતા એ છે કે એમાં કયાંય સંપ્રદાયનો આગ્રહ નથી. સંકુચિતપણું નથી, બિનસાંપ્રદાયિકતા તેમાં દષ્ટિગોચર થાય છે. દિગંબર, શ્વેતામ્બર કે વેદાંત, જેમાંથી જે ઉત્તમ છે તેનો સ્વીકાર કર્યો છે અને મુનિઓને પણ ગચ્છના આગ્રહી ન બનાવતા આત્મગચ્છા ઉપાસક થવા પ્રેર્યા છે, એ આ પત્રોનું મોટું જમા પાસું છે. તે સમયમાં આવી ઉદાર દષ્ટિ – અલબત્ત ધર્મની બાબતમાં કલ્પનાતીત કહી શકાય.

વિષયની દષ્ટિએ જોઈએ તો આ બધા જ પત્રો જ્ઞાન ગંભીરતત્ત્વના કે શંકાના સમાધાન રૂપે લખાયેલા છે પણ તેનું બાહ્ય કલેવર પણ કર્તાની એક આગવી છાપ લઈને બંધાયું છે. જો કે સોભાગભાઈ ઉપર લખાયેલાં પત્રોની તુલનામાં આ પત્રમાં શ્રીમદ્‌નું પૂરું હૃદય ઉતાર્યું નથી, તેનો અંશ દષ્ટિએ પડે છે. એ પત્રોની તુલનામાં થોડા શુષ્ક પણ લાગે, પરંતુ એ યાદ રાખવું જોઈએ કે એ મુનિને લખાયેલાં પત્રો છે, એક ત્યાગીને લખાયેલા, એટલે એમાં સ–રસતા નહીં પણ સ–ઘનતા કે સુ–યોગ્યતા જ આવકાર્ય બને.

આ દષ્ટિએ બધા જ પત્રો કોઈપણ અન્ય જીવને વાંચવા ગમે તેવા છે. વાંચીને વિચારવા પ્રેરાય, વારંવાર મનમાં ઘોળાયા કરે એવા છે. એનું કારણ છે લેખકની સરળ સંસ્કારી ભાષા, જે ભાવક પર અમિટ છાપ મૂકી જાય છે અને સાથે મૂકી જાય છેઘ અનુભૂતિની સચ્ચાઈ જે પત્રોને એક ગરિમા બક્ષે છે.

શ્રી અંબાલાલભાઈને....

‘‘.... તમને બધાને ખુલ્લી કલમથી જણાવી દેવાની ઈચ્છા તો જણાવ્યું છું કે હજુ સુધી મેં તમને માર્ગના મર્મનો (એક અંબાલાલ સિવાય) કોઈ અંશે જણાવ્યો નથી....’’[૫૬]

જે ત્રણ મુખ્ય મહાનુભાવોને ઉદ્દેશીને શ્રીમદ્દે પત્રવ્યવહાર કર્યો છે. તેમાંના એક તે શ્રી અંબાલાલભાઈ. સમગ્ર મુમુક્ષુગણમાં જેની વિશેષ યોગ્યતા ખુદ શ્રીમદ્દે સ્વીકારી એ અંબાલાલભાઈ સમગ્ર રાજ સાહિત્ય પ્રકાશનના અનિવાર્ય ચાલકબળ છે. શ્રીમદ્‌ના એક એક વચનને ઝીલીને, સંગ્રહ કરીને, સાચવીને તેને અક્ષરદેહે પ્રકાશિત કરવાનું ભગીરથ કાર્ય શ્રી મનસુખભાઈ (શ્રીમદ્‌ના નાનાભાઈ) સાથે અંબાલાલભાઈએ કરેલું છે.

શ્રીમદ્ સાહિત્યનાં (પત્રોના) સોભાગભાઈ મુખ્યત્વે પ્રેરક છે તો મુનિશ્રી પ્રસારક છે અને અંબાલાલભાઈ સંગ્રાહક છે. ખંભાતના રહીશ શ્રી અંબાલાલ લાલચંદ વિ.સં. ૧૯૪૫માં કોઈ લગ્ન પ્રસંગે અમદાવાદ ગયેલા. ત્યાં તેમની ઉમરાન શ્રી જુઠાભાઈના પરિચયમાં આવ્યા. અને તેમના મારફત અંબાલાલભાઈને શ્રીમદ્‌ની ઓળખ થઈ. શ્રીમદ્‌ના પત્રો વાંચતા તેમને અદ્‌ભુતતા ભાસી, શ્રીમદ્ પ્રતિ શ્રદ્ધા થઈ. પોતાનું શ્રેય સાધવાની ઉત્કંઠા જાગી અને શ્રીમદ્‌નો સમાગમ સત્વરે કરવા પ્રયત્નશીલ બન્યા.

૧૯૪૬માં શ્રીમદ્ એમના આવાગહનને માન આપી ખંભાત આવ્યા અને એને ત્યાં જ ઊતર્યા. પ્રથમ નજરે જ મનોમન સમર્પિત થયા. પછી તો પત્રવ્યવહાર અને સમાગમ વધતો ગયો. ખંભાત, રાળજ, કાવિઠા, વડવા, પેટલાદ, આણંદ, વસો, નડિયાદ, મુંબઈ આદિમાં તેમણે શ્રીમદ્‌નો સમાગમ કરેલો.

ખંભાતમાં અંબાલાલભાઈને પોતાની ઉંમરના શ્રી છોટાલાલ, સુંદરલાલ અને ત્રિભોવનમાં સાથે મિત્રતા હોઈ તેઓને પણ શ્રીમદ્‌નો પરિચય થયો. શ્રીમદ્‌ના પત્રો ઘણું કરી આ ચારેય મિત્રો પણ સાથે જ લખાયેલાં છે.

૧૯૪૬ના સમાગમ પછી અંબાલાલભાઈની જિજ્ઞાસા શ્રદ્ધામાં પરિણમી અને તેઓ ધીમે ધીમે શ્રીમદ્‌મય બની ગયા. તીવ્ર સ્મરણશક્તિ – જેની પ્રશંસા શ્રીમદ્દે પણ કરેલી છે – ના ધારક અંબાલાલભાઈ શ્રીમદ્‌ના ઉપદેશ વચનો ઉતારી લેતા, એના પરિણામે ''ઉપદેશ છાયા'' પ્રાપ્ત થઈ જે શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાં છપાણી છે. ૧૯૫૨માં આત્મસિદ્ધિ શાસ્ત્રની

રચના વખતે ફાનસ લઈને તેઓ જ શ્રીમદ્ પાસે દોઢ–બે કલાક સુધી સતત ઊભા રહેલા. 'આત્મસિદ્ધિ' તેમણે ગદ્યાનુવાદ પણ કરેલો.

શ્રીમદ્‌ના વચનાનુસાર 'સદ્‌ગુરુની આજ્ઞા વિના મુમુક્ષુએ શ્વાસોચ્છ્વાસ ક્રિયા સિવાય બીજું કંઈ કરવું નહીં – નું અંબાલાલભાઈ મૂર્તિમંત ઉદાહરણ હતા. આવી તીવ્ર મુમુક્ષતા તેમનામાં પ્રગટી હતી. શ્રીમદ્ આજ્ઞાથી સંસ્કૃત અભ્યાસ કર્યો અને ભક્તિ શ્લોક પણ રચવા લાગ્યા. ધીમે ધીમે એમને ગુરુચરણની એવી લગની લાગી કે આખી રાત રાજગુણ ગાતા થાકે નહીં. નિર્ગ્રંથ માર્ગ તેમના રૂંવે રૂંવે વસ્યો હતો. કયારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.' એવા અપૂર્વ અવસરની ભાવના તેમના અંતરમાં જાગૃત થઈ ચૂકી હતી. એટલે જ જ્યારે શ્રીમદ્દે સર્વસંગ પરિત્યાગનો નિર્ણય કર્યો ત્યારે તેમણે અંબાલાલભાઈને વાત કરેલી કે કયારે વનવાસ લઈએ તો કહી શકાય નહીં, માટે ભેઠ બાંધીને તૈયાર રહેવું.

પણ દુભાગ્યે અંબાલાલભાઈને એવી ભેઠ બાંધવાનો પ્રસંગ બન્યો નહીં. શ્રીમદ્‌નું અકાળ અવસાન થયું. શ્રીમદ્‌નાં અવસાન પછી ગુરુ વિરહમાં પરમ ઉદાસીન દશામાં તેઓ જીવ્યા. આમ, અંબાલાલભાઈએ શ્રીમદ્‌ની પ્રથમ ઓળખાણે પાંગરેલ શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમને પરાભક્તિમાં પરિવર્તિત કરી અંતથી એક લપે તેને આરાધી.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ શ્રીમદ્ રાજચંદ્રના લખાણો સંબંધી ખૂબ ઊંચો અભિપ્રાય ધરાવતા હતા. 'રાયચંદભાઈના કેટલાંક સ્મરણો' શીર્ષક હેઠળ યરવડા જેલમાં શ્રીમદ્ સાથેના સહવાસ દરમિયાન પોતાને થયેલા અનુભવો લખ્યાં છે. તેમાં તેઓ લખે છે કે–

''તેમના લખાણ એ તેમના અનુભવનાં બિંદુ સમાં છે તે વાંચનાર વિચારનાર અને તે પ્રમાણે ચાલનારને મોક્ષ સુલભ થાય, તેમાં કષાયો મોહતા પડે, તેને સંસાર વિશે ઉદાસીનતા આવે. તે દેહનો મોહ છોડી આત્માથી બને....

જેને આત્મકલેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે. તેને શ્રીમદ્‌ના લખાણોમાંથી બહુ મળી રહેશે એવો મને વિશ્વાસ છે પછી ભલે તે હિંદુ હો કે અન્ય ધર્મી.....''[૫૭]

શ્રી મુકુલભાઈ કલાર્થી સંપાદિત

'શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી.''[૫૮]

શ્રીમદ્‌ના વિવિધ લખાણોને 'શ્રીમદ્ રાજચંદ્ર' નામના ૮૩૩ પાનાનાં એક મોટા ગ્રંથમાં એકત્રિત ઉત્તરરૂપે અથવા અન્ય કારણે કે પ્રસંગે જિજ્ઞાસુઓને લખાયેલા પત્રો કે ઉતારાઓ અને વગેરે વસ્તુ આ ગ્રંથમાં એકઠી કરવામાં આવી છે. આત્મા જીવોને માર્ગદર્શન કરવાને આ ગ્રંથ પરિપૂર્ણ રીતે સમર્થ છે. આ ગ્રંથના વાંચન કરવાથી વિચારોમાં જરૂરી પલટો આવે છે. આત્મપ્રાપ્તિ માટે શ્રીમદ્‌નું માર્ગદર્શન પરમ શ્રદ્ધેય ગણાય છે.

તેમના સાહિત્યનો મોટો ભાગ તેમના દ્વારા લખાયેલા પત્રોનો છે. પત્રસંગ્રહ તેમના સાહિત્યમાં ખૂબજ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

## ❖ ગાંધીજીનો પત્રો :

'જિજ્ઞાસુને પત્રો' આ શીર્ષક તળે બીજા જિજ્ઞાસુ તે શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી, અર્થાત્ મહાત્મા ગાંધી. બન્ને વચ્ચે પ્રથમ મુલાકાત થઈ વિ.સં.૧૯૪૭માં ગાંધીજી વિલાયતથી પાછા ફર્યા તે જ દિવસે મુંબઈમાં શ્રીમદ્‌ના કાકાજી સસરા ડૉ. પ્રાણજીવનદાસ મહેતા તે ગાંધી પરિવાર પર સ્નેહી હતા. એટલે ગાંધીજીનો ઉતારો પ્રાણજીવનભાઈને ઘેર રાખેલો.

એ સમયે પ્રથમ મેળાપમાં ગાંધીજીને શ્રીમદ્‌ની શક્તિનો કવિ તથા અવધાની તરીકેનો થોડો પરિચય થયો. થોડી વાતચીત કરી ગાંધીજી શ્રીમદ્ પ્રતિ આકર્ષાયા. અદ્‌ભૂત સ્મરણશક્તિ જોઈ ગાંધીજીનો વિલાપનો પવન હળવો પડ્યો. ધીમેધીમે કવિ સાથેનો તેમનો

પરિચય આગળ વધ્યો. શ્રીમદ્‌ની અપૂર્વ સ્મરણશક્તિ અને શાસ્ત્રજ્ઞાનથી નહીં પણ તેમના સંસ્કારથી ગાંધીજી પ્રભાવિત થયા. તેમને કવિ 'સંસ્કારી તથા જ્ઞાની લાગ્યા.'

મુંબઈના નિવાસ દરમિયાન ગાંધીજી અવારનવાર શ્રીમદ્‌ને તેમની પેઢી પર મળવા જતા. એ સમયે સામાન્ય જીવનમાં ઊઠતા પ્રશ્નોનું ધર્મની દષ્ટિએ નિરાકરણ શ્રીમદ્ બહુ સરસ રીતે કરતાં. આથી ગાંધીજીને માર્ગદર્શન મદદરૂપ થતું.

પેઢી પરની મુલાકાત વખતે ગાંધીજી શ્રીમદ્‌ની રહેણીકરણીનું બારીકાઈથી અવલોકન કરતાં. શ્રીમદ્‌ની સાદાઈ, વેપારમાં પ્રામાણિકતા, વૈરાગ્ય અને વીતરાગતાની ઊંડી છાપ ગાંધીજી પર પડી. તેમને શ્રીમદ્‌ની જાત વેપારીની નહીં પણ જ્ઞાનીની લાગી. વગેરે વચ્ચે ધર્મકથા કે આત્મકથા સિવાય બીજી વાતને અવકાશ નહોતો.

ગાંધીજીને પોતાના પરિચયમાં આવેલ અનેક ધર્માચાર્યો કરતાં શ્રીમદ્ અલગ ભાસ્યા. રાયચંદભાઈની તેમના મન ઉપર જે છાપ પડી તેવી બીજા કોઈ પાડી ન શક્યા. અને એટલે જ તેમને શ્રીમદ્ પર શ્રદ્ધા બેઠી.

આફ્રિકાના નિવાસ દરમિયાન શ્રીમદ્ ગાંધીજી વચ્ચે વધારે પત્ર વ્યવહાર ચાલ્યો હોય એવો સંભવ છે. પણ વિ.સં.૧૯૬૨માં ગાંધીજી લંડન ગયેલા. તે વખતે શ્રીમદ્‌ના પત્રો અને પોતે કરેલ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું અંગ્રેજી ભાષાંતર એક બસમાં ભુલાય જતાં ગુમાઈ ગયાં, જે પછીથી મળ્યાં જ નહીં.

અત્યારે માત્ર તેમના ત્રણ પત્રો જ ઉપલબ્ધ છે. ગાંધીજીનો પહેલો પત્ર ૨૭ પ્રશ્નોવાળો જેમ પ્રશ્નોમાં લાંબો છે તેમ ઉત્તરમાં પણ મોટો છે. બાકીના બે પત્રો પણ ઠીકઠીક લંબાણવાળા છે. આ પત્રોમાં શ્રીમદ્દે કરેલા સંબોધન 'આત્માથી'' ગુણગ્રાહી સત્સંગ યોગ્ય ભાઈશ્રી મોહનલાલ પ્રત્યે ડરબન, 'સુજ્ઞ ભાઈશ્રી મોહનલાલ પ્રત્યે શ્રી ડરબન, આત્માર્થી ભાઈશ્રી મોહનલાલ' એમ પ્રમાણમાં ઘણાં લાંબા અને સૂચક છે. તો દસ્કત પણ એવા જ લાંબા, જેમકે, આત્મસ્વરૂપને વિષે નિત્ય નિષ્ઠાના હેતભૂત એવા ચિરની ચિત્તમાં

રહેનાર રાયચંદના પ્રણામ.' આ સ્વા. પ્રણામ' આવી... આ સંબોધનોથી બન્ને વચ્ચે સ્થપાયેલો આત્મિક સંબંધ પ્રગટ થાય છે. વળી સંબોધનો જેમ બન્નેનાં ગુણોનો દ્યોતક છે તેમ એક વીતેલા જમાનાના પ્રતિનિધિ સ્વરૂપ પણ છે.

પ્રથમ પત્રો વિષે જોઈએ, ગાંધીજીએ પુછાવેલા પ્રશ્નો તાત્ત્વિક પણ છે અને વ્યાવહારિક પણ છે. સાથે બેરિસ્ટરની બુદ્ધિને છાજે તેવા વ્યવસ્થિત છે. તાત્ત્વિક પ્રશ્નોમાં – ''આત્મા શું છે? તે શું કરે છે? તેને કર્મ નડે કે નહીં?'' આદિ. આગળ વધી ઈશ્વર, વેદ, ગીતાની ઉત્પત્તિ વિષે પ્રશ્નો કર્યા છે. વચમાં પોતે જ ધર્મ પ્રતિ આકર્ષાયેલા તે ખ્રિસ્તીધર્મ, ઈસુ, બાઈબલનું ઈશ્વર પ્રેરિતપણું વિષે અનેક સવાલો કર્યા છે. અંતમાં કેટલાંક વ્યવહારે પ્રશ્નો જેમકે 'દુનિયાની છેવટની સ્થિતિ? ત્રિધ્વ તે કોણ ? મને સર્પ કરડવા આવે તો તેને કરડવા દેવો કે મારી નાખવો?'' આવા દ્વિધાત્મક વિચાર પ્રેરક પ્રશ્નો પૂછ્યા છે.

આવા વ્યવસ્થિત ચોક્કસ, બુદ્ધિયુક્ત પુછાયેલા પ્રશ્નોનાં શ્રીમદ્દે ઉત્તર પણ પ્રજ્ઞાથી અને અનુભવ જ્ઞાનથી આપેલા છે. શબ્દે શબ્દ વિચારપૂર્વક લખેલો છે. ઉત્તર એવા છે કે ગાંધીજીને પોતે શ્રીમદ્‌માં મૂકેલો વિશ્વાસ સાર્થક થયો લાગ્યો. ધર્મ પરિવર્તનના પ્રશ્નમાં તેમણે હિંદુ ધર્મને જ ગહનતાથી અભ્યાસવા કહ્યો. આ જવાબોમાં પોતાની જૈન ધર્મપ્રીતિને કયાંય વચ્ચે લાવ્યા વગર તેમણે ગાંધીજીને સ્વધર્મમાંથી જ સબળતા શોધવા પ્રેર્યા છે. સર્વધર્મને પોતાના જ્ઞાન તથા કસોટી ચડાવ્યાં પછી પોતાને જૈન ધર્મ શ્રેષ્ઠ લાગ્યો, પણ અન્યને તો તેના પોતાના ધર્મની ખુબી દર્શાવી સ્થિર કર્યાં.

સર્વધર્મની ઉત્પત્તિ વેદમાંથી છે ? આ પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટ રીતે પોતાનો મત દર્શાવ્યો છે. જૈન ધર્મની શ્રેષ્ઠતા પોતાની ધારણા પ્રમાણે પુરવાર કરી. આમ સત્તાવાર નિર્ભિકપણે જાહેર કરે છે. તો સર્વને મારવા સંબંધે પ્રશ્ન પૂછનારની વિવેકશક્તિને જાગૃત કરે, શંકાનું સમાધાન વ્યક્તિ પોતે જ કરી શકે. તે પ્રમાણે અને રસે ચીંધી ખસી ગયા છે.

કેટલાંક પ્રશ્નોનાં જવાબમાં તેમની પ્રજ્ઞાના દર્શન થાય છે. ઘણીવાર સમજણપૂર્વક નવી વ્યાખ્યા બાંધી આપે છે. જેમકે આપે ધર્મ સંબંધમાં ઈશ્વર સંબંધ :

“જ્ઞાની પુરુષો તો જેથી આત્માને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય એવો જે આર્ય (ઉત્તમ) માર્ગ તેને આર્યધર્મ કહે છે, અને એમ જ યોગ્ય છે....” [૫૯]

અન્ય પ્રશ્નોનાં જવાબોમાં તેમની જ્ઞાનગંભી, વિશદ્તા જણાઈ આવે છે. બીજા પત્રમાં વિવેકજ્ઞાન, તેની શક્યતા અને તેના સાધનોનું સ્પષ્ટ ચિત્ર છે. તે અર્થ આત્માના છ પદની ચર્ચાકારી છે. તો પછીના પત્રમાં આર્ય આચાર–વિચાર–આર્ય અનાર્ય ક્ષેત્ર, લક્ષ્યાલક્ષ્ય વિવેક, વર્ણાશ્રમનું મહત્ત્વ નાત – જાત, ખાનપાન સંબંધે ખુલાસો કર્યો છે, જે આચરવા યોગ્ય છે.

અંતમાં આ પત્રોની ફલશ્રુતિ શું ? એવો પ્રશ્ન મનમાં ઉદ્ભવે, તો એનો જવાબ એટલો જ કે ગાંધીજીને આફ્રિકામાં ધાર્મિક પરિવર્તનની ઈચ્છા જાગી, જીવનમાં આવી પડેલા ધર્મમંથનના કાળમાં એમણે ભારતના ધર્મોચાર્યો સાથે પત્રવ્યવહાર દ્વારા માર્ગદર્શન માગ્યું. એ બધામાં શ્રીમદ્નું સ્થાન મુખ્ય હતું અને એ સમયે એમણે આપેલા જવાબોનું પરિણામ ગાંધીજીના શબ્દોમાં જ જોઈએ.

“હું શાંતિ પામ્યો. હિન્દુધર્મમાં પોતાને જે જોઈએ તે મળે એમ છે એવો મનને વિશ્વાસ આવ્યો. આ સ્થિતિ સારું રાયચંદભાઈ જવાબદાર થયા. એટલે મારું મન તેમના પ્રત્યે કેટલું વધ્યું હોવું જોઈએ તેનો ખ્યાલ વાંચનારને આવશે.”

આમ, ગાંધીજીની આધ્યાત્મિક ભીડમાં તેમને શ્રીમદ્નો આશ્રય મળ્યો અને તેથી જ અહોભાવયુક્ત ઉદ્ગાર વ્યક્ત કર્યો છે. આ પત્રો દરેકે વાંચવા યોગ્ય છે. તેની વિશેષતા એ કારણે છે કે બીજા મુમુક્ષુ, જિજ્ઞાસુને લખેલા પત્રો મહદ્અંશે જૈનદર્શન સંબંધે છે. જ્યારે અહીં વ્યવહારું ખુલાસો પણ છે. અહીં બીજા કોઈને લખે તે કરતાં ગાંધીજીને અલગ પ્રકારનું લખાણ લખ્યું છે. અધિકારીની યોગ્યતા પ્રમાણે, પ્રશ્ન પ્રમાણે જવાબ આપ્યા છે. વ્યાવહારિક પ્રશ્નના ખુલાસા સંબંધે ગાંધીજી અપવાદ છે. અન્ય કોઈને આ લાભ મળ્યો નથી. ગાંધીજીએ વ્યાવહારિક પ્રશ્ન ધાર્મિક દષ્ટિથી પૂછેલા છે.

આ પત્રોમાં એમની ભાષા પણ વ્યવહારું બની જાય છે. પ્રશ્ન કોઈપણ પ્રકારનો હોય, સમજૂતીની શૈલી એક પ્રકારની રહી છે. ભાષા તેના મહત્તમ રૂપમાં અર્થવાહી થઈ અને પ્રયોજાય છે. આ ભાષાવિચારો, પ્રશ્નો, સમાધાન એ બધાની પાછળ ઉપસે છે બે મહાન વ્યક્તિઓ, જેણે પોતાની વિચારસરણી કે કાર્ય દ્વારા જગતને ચકિત્ત કર્યું. એકે આધ્યાત્મિક જગતને અને બીજા એ દશ્યમાન વિશ્વને.

# ❖ પાદટીપ ❖

૧. 'શ્રીમદ્ રાજચંદ્ર', શ્રીમદ્, અગાસ આવૃત્તિ, પૃ.૫૨૦

૨. એજન, પૃ.૫૨૧

૩. એજન, (પત્રાંક–૧૩૨), પૃ.૨૨૪

૪. એજન, (પત્રાંક–૧૩૩), પૃ.૨૨૪–૨૫

૫. એજન, (પત્રાંક–૧૪૪), પૃ.૨૨૯

૬. એજન, (પત્રાંક–૧૫૨), પૃ.૨૩૧

૭. એજન, (પત્રાંક–૧૬૫), પૃ.૨૪૫

૮. એજન, (પત્રાંક–૧૭૬), પૃ.૨૫૩

૯. એજન, (પત્રાંક–૧૮૦), પૃ.૨૫૪

૧૦. એજન, (પત્રાંક–૧૭૨), પૃ.૨૫૧

૧૧. એજન, (પત્રાંક–૧૭૦), પૃ.૨૪૯

૧૨. એજન, (પત્રાંક–૧૭૧), પૃ.૨૫૦

૧૩. એજન, (પત્રાંક–૧૮૭), પૃ.૨૫૭

૧૪. એજન, (પત્રાંક–૨૦૧), પૃ.૨૬૩–૨૬૪

૧૫. એજન, (પત્રાંક–૨૫૫), પૃ.૨૯૦–૨૯૧

૧૬. એજન, (પત્રાંક–૨૪૭), પૃ.૨૮૫–૨૮૬

૧૭. એજન, (પત્રાંક–૨૦૧), પૃ.૨૬૩–૨૬૪

૧૮. એજન, (પત્રાંક–૨૧૩), પૃ.૨૬૯–૨૭૦

૧૯. એજન, (પત્રાંક–૫૪૮), પૃ.૪૪૧–૪૪૨

૨૦. એજન, (પત્રાંક–૫૩૨), પૃ.૪૩૨

૨૧. એજન, (પત્રાંક–૪૯૨), પૃ.૩૯૩–૩૯૪

૨૨. એજન, (પત્રાંક–૪૫૦), પૃ.૩૭૩–૩૭૪

૨૩. એજન, (પત્રાંક–૩૨૨), પૃ.૩૧૪–૩૧૫

૨૪. 'શ્રીમદ્ રાજચંદ્ર જન્મભૂવન અને તેના આપ્તજનોની જીવનરેખા', સંપા. ડૉ. શ્રી નરોત્તમદાસ ચુ. કાપડિયા, પ્રા. મનુભાઈ ભ. મોદી, મુંબઈ, આવૃત્તિ–૧, વિ.સં.૧૯૬૭

૨૫. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', ડૉ. સરયૂ આર. મહેતા, પ્રકાશક : શ્રેયસ પ્રચારક સભા, મુંબઈ, આવૃત્તિ–૪, ઈ.સ.૧૯૯૪

૨૬. 'શ્રીમદ્ રાજચંદ્ર જીવનરેખા', મનસુખભાઈ કિ. મહેતા, સંપા. તથા પ્રકાશક : ડૉ. ભગવાનદાસ મ. મહેતા, મુંબઈ, આવૃત્તિ–૧, વિ.સ.૨૦૦૫

૨૭. 'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા' બ્ર. ગોવર્ધનદાસજી, પ્રકાશક : શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ–૧, વિ.સં.૨૦૪૩

૨૮. 'શ્રીમદ્ રાજચંદ્ર' અગાસ આવૃત્તિ, (પત્રંક–૭૮૨), પૃ.૬૦૬

૨૯. એજન, (પત્રાંક–૧૪૧), પૃ.૨૨૮

૩૦. એજન, (પત્રાંક–૨૧૭), પૃ.૨૭૧–૨૭૨

૩૧. એજન, (પત્રાંક–૨૪૪), પૃ.૨૮૪

૩૨. એજન, (પત્રાંક–૨૧૫), પૃ.૨૭૦

૩૩. એજન, (પત્રાંક–૨૮૨), પૃ.૩૦૧

૩૪. એજન, (પત્રાંક–૩૭૯), પૃ.૩૩૪–૩૫

૩૫. એજન, (પત્રાંક–૪૫૩), પૃ.૩૭૫–૭૬

૩૬. એજન, (પત્રાંક–૨૧૭), પૃ.૨૭૧–૭૨

૩૭. એજન, (પત્રાંક–૨૧૩), પૃ.૨૬૯–૭૦

૩૮. એજન, (પત્રાંક–૫૭૩), પૃ.૪૫૪

૩૯. એજન, (પત્રાંક–૧૭૨), પૃ.૨૫૦–૫૧

૪૦. એજન, (પત્રાંક–૧૯૪), પૃ.૨૫૯–૬૦

૪૧. એજન, (પત્રાંક–૧૯૮), પૃ.૨૬૧–૬૨

૪૨. એજન, (પત્રાંક–૨૦૭), પૃ.૨૬૬

૪૩. એજન, (પત્રાંક–૨૧૨), પૃ.૨૬૮–૨૬૯

૪૪. એજન, (પત્રાંક–૧૯૮), પૃ.૨૬૧–૬૨

૪૫. એજન, (પત્રાંક–૪૯૧), પૃ.૩૯૩

૪૬. એજન, (પત્રાંક–૪૯૩), પૃ.૩૯૪,૯૫,૯૬

૪૭. એજન, (પત્રાંક–૪૯૩), પૃ.૩૯૪,૯૫,૯૬

૪૮. એજન, (પત્રાંક–૭૪૨), પૃ.૫૬૭

૪૯. એજન, (પત્રાંક–૭૫૦), પૃ.૫૬૯

૫૦. એજન, (પત્રાંક–૭૬૭), પૃ.૫૮૬

૫૧. એજન, (પત્રાંક–૨૧૧), પૃ.૨૬૭–૨૬૮

૫૨. એજન, (પત્રાંક–૧૯૮), પૃ.૨૬૧–૨૬૨

૫૩. એજન, (પત્રાંક–૭૧૯), પૃ.૫૫૭–૫૮

૫૪. એજન, (પત્રાંક–૭૪૯), પૃ.૫૬૮–૬૯

૫૫. એજન, (પત્રાંક–૧૭૩), પૃ.૨૫૧–૫૨

૫૬. 'શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી', શ્રી મુકલભાઈ કલાર્થી સંપાદિત, પૃ.૪૦

૫૭. 'શ્રીમદ્ રાજચંદ્ર', અગાસ આવૃત્તિ, (પત્રાંક–૫૩૦), પૃ.૪૨૬

૫૮. 'શ્રીમદ્ રાજચંદ્ર' ભાગ–૧,૨, સંપા અને પ્રકાશક : મનસુખલાલ ર. મહેતા, મુંબઈ, આવૃત્તિ–૧, વિ.સં.૧૯૬૫, પૃ.૨૨